
### અગ્રણી ઉદ્યોગપતિ વિજયભાઈ દોમડિયાએ બેઠક માટે મંત્રીને આમંત્રણ આપ્યું

# જૂનાગઢના ઉદ્યોગ, વેપાર અને કૃષિના વિકાસ માટે કેબિનેટ કૃષિ મંત્રી સાથે ચેમ્બર પ્રમુખની મુલાકાત

**સમુહલગ્નના પ્રણેતા અને વિનય ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ હરસુખભાઈ વઘાસિયા પણ મુલાકાતમાં સાથે જોડાયા**

જૂનાગઢ, તા.૧૯

ઔદ્યોગિક દ્રષ્ટિએ જૂનાગઢ શહેર અને જિલ્લાનો વિકાસ ઓછો થયો છે. ત્યારે આ વિકાસને વેગ મળે તેમજ વેપાર-ધંધા અને કૃષિ સહિતની બાબતોના ઉત્કર્ષ માટે જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ વિજયભાઈ દોમડિયા તથા સમુહલગ્ન પ્રણેતા હરસુખભાઈ વઘાસિયાએ રાજ્યના કેબિનેટ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની મુલાકાત લીધી હતી. જૂનાગઢ શહેર અને જિલ્લામાં હાલ વિવિધ ઉદ્યોગોના વિકાસ માટે ભરપૂર તક રહેલી છે. ત્યારે જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તથા વિનય ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન વિજયભાઈ દોમડિયા તથા સમાજસેવક હરસુખભાઈ વઘાસિયાએ ૧૬ ઓગસ્ટના રોજ ગાંધીનગરમાં કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલને રૂબરૂ મળીને આ દિશામાં નક્કર આયોજન કરવા રજૂઆત કરી હતી. સાથે સાથે જૂનાગઢના ઉદ્યોગકારો અને વેપારીઓના પ્રશ્નો દૂર થાય તે માટે જૂનાગઢ આવીને બેઠક યોજવાનું આમંત્રણ આપ્યું હતું. જેનો



કેબિનેટ કૃષિ મંત્રીએ સ્વિકાર કર્યો હતો. જૂનાગઢ જિલ્લો મુખ્યત્વે પ્રવાસન અને ખેતી પર નિર્ભર છે. ત્યારે શહેર અને જિલ્લામાં ખેતીલક્ષી ઉદ્યોગોનો સારો વિકાસ થઈ શકે છે. ખેતીને લગતા નવા ઉદ્યોગો આવશે તો ખેડૂતોને પણ તેનો લાભ મળશે. રાજ્ય સરકાર દ્વારા આ માટે વિશેષ પ્રયાસો કરાય તેવો આગ્રહ બન્ને આગેવાનોએ કૃષિ મંત્રી સમક્ષ કર્યો હતો.

# જૂનાગઢના સુખનાથ ચોક ખાતે ૭૮માં સ્વતંત્ર દિવસની કોમી એખલાસના વાતાવરણમાં ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવનાર આઝાદીના લડવૈયાઓની વીરતા ખુમારીને યાદ કરી વતન માટે શહીદી વહોરનાર શહીદોને પુષ્પાંજલિ અર્પિત કરી તિરંગાને રાષ્ટ્ર ગીત સાથે સલામી આપી ઉજવણી કરવામાં આવેલ હતી. આ સ્વતંત્ર પર્વ નિમિતે ધ્વજ વંદન કોમી એકતા સમિતિના વહાબભાઈ કુરેશી અને વહોરા સમાજના અગ્રણી શેખ યુસુફભાઈ જરીવાલાના વરદ





હસ્તે કરવામાં આવેલ. આ તકે કોમી એકતાના હિમાયતી અને સીપીએમના અગ્રણી બટુકભાઈ મકવાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભારત દેશના લોકો બંધારણીય સંવિધાનિક અધિકારો સાથે પ્રગતિના પંથો સર કરી ભારત દેશનું નામ વિશ્વમાં પ્રજ્વલિત કરે તેવી શુંભ કામનાઓ પાઠવી હતી. આ તકે કુંદનભાઈ લાલવાણી, કેડી સગારકા, જિશાન હાલેપોત્રા એડવોકેટ, રૂપચંદભાઈ, મુન્નાભાઈ, વહોરા સમાજ અગ્રણી, અન્ય અગ્રણીઓ તેમજ મહેબૂબભાઈ પંજા, કાસમભાઈ જુણેજા, હનીફખાન પઠાણ, કેડી વાઘેલા, અશ્વિનભાઈ મણિયાર એડવોકેટ, રેહાનખાન બાબી, પ્રફુલભાઈ કાલરીયા, નિશારબાપુ મુનશી, ફિરોજભાઈ શેખ, કાકુભાઈ, સોહેલ સિદીકી સહિતના હાજર રહેલ હતા.

# વિશ્વ ફોટોગ્રાફી દિવસ ૧૯ ઓગષ્ટ : સોમનાથમાં દરિયાકાંઠે ૨૫૦ જેટલા ફોટોગ્રાફર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૯

"પહેલા લોકો અમને શોધીને અમારી પાસે ફોટો પડાવવા આવતા હતા. હવે અમારે લોકોને શોધવા જવું પડે છે અને કરગરવું પડે છે કે સાહેબ, એક ફોટો પડાવી લો. તમારા ઘરના દીવાનખંડમાં મૂકશો તો યાદગીરી રહેશે. હવે દરેકના મોબાઈલમાં કેમેરા છે. જેને લીધે અમારો ધંધો મરવાના વાંકે જીવી રહ્યો છે." આ શબ્દો સોમનાથમાં દરિયા કાંઠે ફોટોગ્રાફી કરતા એક ફોટોગ્રાફરના છે. તે કહે છે કે, "સોમનાથ આવતા પ્રવાસીઓને અમે કહીએ છીએ કે કમસેકમ એક ફોટો અમારી પાસે પડાવી લો. તમને એની પ્રિન્ટ મળશે જેની યાદગીરી કાયમ રહેશે, અને અમારા જેવા ફોટોગ્રાફરને દિવસનો રોટલો મળી રહેશે." સોમનાથના રમણીય દરિયાકાંઠે તમે ફરવા જશો તો તમને અચૂક કોઈક ફોટોગ્રાફર સામો મળશે અને કહેશે કે "સર, એક ફોટો પડાવી લો. દીદી, પ્લીઝ એક ફોટો પડાવી લો." આજથી વીસેક વર્ષ





અગાઉ ફોટોગ્રાફરોનો જે દબદબો હતો તે હવે રહ્યો નથી. લોકો પાસે મોબાઈલમાં કેમેરા છે તેથી ફોટો પડાવનારા પ્રવાસીઓની સંખ્યા ઘટી ગઈ છે. સોમનાથમાં ૨૫૦ જેટલા ફોટોગ્રાફર છે. તેમની વચ્ચે પણ તિવ્ર સ્પર્ધા છે. સોમનાથમાં દરિયાકાંઠા ઉપરાંત સોમનાથ મંદિર પરીસર, ત્રિવેણી સંગમ નદિ તેમજ બાણગંગામાં ફોટોગ્રાફર્સ છે. જેમાં મોટા ભાગના ફોટોગ્રાફર્સ સોમનાથ–વેરાવળના જ છે. કેટલાંક એંશી કીલોમીટર દૂર ઊનાથી કે કેશોદથી પણ આવે છે અને રોજીરોટી મેળવે છે. સોમનાથ ચોપાટી ફોટોગ્રાફર એસોસિએશનના પ્રમુખ વિજય બામણિયા કહે છે કે, "પ્રવાસી અમારી પાસે ફોટો પડાવે એટલે પંદર મિનિટમાં તેમને પ્રિન્ટ આપી દઈએ છીએ. અગાઉ એવી સગવડ નહોતી. અમે ફોટો ધોવરાવવા માટે કેશોદ લેબોરેટરીમાં મોકલતા હતા અને પ્રવાસીને દશેક દિવસ પછી તેમના સરનામે ટપાલમાં મોકલતા હતા. સોમનાથમાં મંદિર પાસે કે દરિયાકિનારે કોઈ બિનવારસી પર્સ – મોબાઈલ કે અન્ય કોઈ ચીજ મળે તો પોલીસને સોંપીએ છીએ. કોઈ દરિયામાં તણાઈ જતું હોય તો અમે ધંધો અટકાવીને પોલીસતંત્રને તરત જાણ કરીએ છીએ." સોમનાથમાં લોકો ક્યા પ્રકારના ફોટો પડાવે છે ? એના જવાબમાં સોમનાથ ચોપાટી ફોટોગ્રાફર એસોસિએશનના ઉપપ્રમુખ રાજુ ગઢીયા કહે છે કે, સોમનાથમાં લોકો બૅકગ્રાઉન્ડમાં સોમનાથ મંદિર દેખાય તેવી તસવીરો વધારે પડાવે છે. આ સિવાય દરિયામાં ફોટા પડાવે છે. ઊંટ સવારી અને ઘોડા પર બેસીને પણ લોકો ફોટા પડાવે છે." સોમનાથમાં દરેક ફોટોગ્રાફર યુનિફોર્મમાં હોય છે તેમજ તેમને ઓળખપત્ર આપવામાં આવેલા છે. ફોટોગ્રાફી વખતે સ્માઈલ પ્લીઝ કહેતા આ ફોટોગ્રાફરોના ચહેરા ઉપરનું સ્મિત ધીમે ધીમે બ્લેક એન્ડ વાઈટ ફોટાની જેમ ઝાંખું પડવા માંડ્યું છે. કારણકે, ફોટો પડાવનારા ઘટી રહ્યા છે. તમે પણ કોઈ પ્રવાસન સ્થળે જાવ તો ત્યાંના સ્થાનિક ફોટોગ્રાફર પાસે ફોટા પડાવજો. તમને સ્માઈલ પ્લીઝ કહેશે ત્યારે તેના ચહેરા ઉપર પણ સ્માઈલઆવશે.

# પ્રાચી તીર્થ ખાતે ૨૪મી પુણ્યતિથિ નિમિતે સ્વ. ઉકાભાઈ વાજાનો શ્રધ્ધાંજલિ સમારોહ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

આજથી ૨૪ વર્ષ પહેલાં ૧૬ ઓગષ્ટ ૨૦૦૦ના દિવસનો એ સૂર્યાસ્ત... ખરા અર્થમાં કોળી સમાજ માટે ગાઢ અંધકાર બનીને છવાય ગયો હતો. સ્વ.ઉકાભાઈ રાજાભાઈ વાજાનો તાલાળા તાલુકાના અંતરિયાળ નાના એવા ગુંદાળા ગામમાં ગરીબ ખેડૂત પરિવારમાં જન્મ થયેલ. પોતાનો પરિવાર,સમાજ અને આજુ બાજુનો વિસ્તાર સામાજિક શૈક્ષિણક રીતે પછાત હોય એમના માટે શું કરી શકાય એજ વિચાર સાથે BSC(વનસ્પતિશાસ્ત્ર)માં ગ્રેજ્યુટ થયાં. પ્રાચીને પોતાની કર્મભૂમિ બનાવી સમાજને શિક્ષણની રાહ બતાવી સમાજમાં રહેલા દુષણો અને અંધશ્રદ્ધાઓ દૂર કરી આ વિસ્તારના ખેડૂતોને વૈજ્ઞાનિક અને આધુનિક ખેતી પ્રત્યે જાગૃત કરી પ્રાચી કોળી સમાજનું એક મજબૂત સંગઠન ઉભું કરી આ વિસ્તારમાં કોળી સમાજની સામાજિક અને રાજકીય ઓળખ ઉભી કરી સમાજની સામાજિક શક્તિને મજબૂત કરવાનું કાર્ય કર્યું હતું. સમાજને જેની પાસે મોટી આકાંક્ષાઓ અને અપેક્ષાઓ હતી. પરંતુ સારા વ્યક્તિની ઈશ્વરને પણ જરૂર પડી અને ઉકાભાઈ રાજાભાઈ વાજા ૧૬મી ઓગષ્ટ ૨૦૦૦ના દિવસે આપણાથી દૂર થયાં.

એમનું અકાળે અવસાન થતાં સમાજને ક્યારેય પૂરી ન શકાય એવી ખોટ પડી. આજે ૨૪ વર્ષના વહાણા વીતી ગયા ત્યારે સ્વ.ઉકાભાઈ વાજા કોળીસમાજના શ્રેષ્ઠી અને રાહબર તરીકે પોતાના મહાન વિચારો અને મહાન કાર્યો થકી હંમેશા લોકોની યાદોમાં જીવંત છે અને રહેશે. એમના પ્રામાણિક અને મૂલ્યનિષ્ઠ વિચારો સાથે જીવન જીવવાની પરમાત્મા સમગ્ર કોળી સમાજને શક્તિ આપે અને સ્વ. ઉકાભાઈ વાજાના સંકલ્પ અને સપનાને ચરિતાર્થ કરતું કાર્ય સમાજમાં થતું રહે એજ એમની ૨૪મી પુણ્યતિથી નિમિતે કોળી સમાજ ટ્રસ્ટ પ્રાચીના ટ્રસ્ટી મંડળ અને આગેવાનો પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, સંસ્થાના પ્રમુખ મેરામણભાઈ વાજા, બાબુભાઈ પરમાર, ધીરૂભાઈ સોલંકી, સીદાભાઈ રાઠોડ, દેવેન્દ્રભાઈ સોલંકી, રામભાઈ બામણીયા, રાજાભાઈ ચરીયા, મેરૂભાઈ પંપાણીયા, પ્રતાપભાઈ જાદવ, ભગવાનભાઈ બારડ અને આજુ બાજુ ગામોના સરપંચો અને આગેવાનો દ્વારા મોટી સંખ્યામાં લોકો હાજર રહી પુષ્પાજંલી અને પ્રાર્થનાસભા દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

# આજે વિશ્વ સંસ્કૃત દિવસ




વિશ્વ સંસ્કૃત દિવસ દર વર્ષે હિંદુ કેલેન્ડર અનુસાર શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે 'દેવભાષા' તરીકે ઓળખાતી પ્રાચીન ભાષા 'સંસ્કૃત'ના પ્રસારને પ્રોત્સાહન આપવા અને સંસ્કૃતના મહત્વને ચિહ્નિત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે સંસ્કૃત દિવસ ૧૯ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવી રહ્યો છે. સંસ્કૃત દિવસની ઉજવણી વર્ષ ૧૯૬૯માં શરૂ થઈ, જ્યારે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના આદેશ ઉપર, દર વર્ષે શ્રાવણી પૂર્ણિમાના દિવસે કેન્દ્ર અને રાજ્ય સ્તરે સંસ્કૃત દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. હવે સમગ્ર વિશ્વમાં સંસ્કૃતનો ધ્વજ દિવસેને દિવસે ઊંચે ચડી રહ્યો છે. સંસ્કૃત એ એક પ્રાચીન ઈન્ડો-આર્યન ભાષા છે, જે લગભગ ચાર હજાર વર્ષ પહેલાં ભારતમાં ઉદ્ભવી હોવાનું માનવામાં આવે છે. આ પ્રાચીન ભાષાનો ઉપયોગ બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મ તેમજ હિંદુ ધર્મમાં દાર્શનિક પ્રવચન માટે થતો હતો. ભારતની સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રતીક સંસ્કૃતને તમામ ભારતીય ભાષાઓની માતા ગણવામાં આવે છે, જે ભારતમાં બોલાતી પ્રાચીન ભાષાઓમાં પ્રથમ છે. ભારતની કેટલીક પ્રાચીન લોકકથાઓ માત્ર સંસ્કૃત ભાષામાં છે. વિશ્વ સંસ્કૃત દિવસ દર વર્ષે હિંદુ કેલેન્ડર મુજબ શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય પ્રાચીન ભાષા 'સંસ્કૃત'ના પ્રસારને પ્રોત્સાહન આપવાના હેતુથી કરવામાં આવે છે, જેને ભગવાનની ભાષા કહેવામાં આવે છે અને સંસ્કૃતનું મહત્વ દર્શાવવામાં આવે છે.

- ડો.જી.આર.ગોહિલ

# વેરાવળમાં રહેતા ભરતભાઈનો પરિવાર પાંચ પેઢીથી ફોટોગ્રાફી કરે છે : તેમની પાસે દોઢસોથી વધુ કેમેરાનું કલેક્શન





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૯

"આઝાદી અગાઉથી એટલે કે પંચોતેર વર્ષથી અમારો પરિવાર ફોટોગ્રાફીના વ્યવસાયમાં છે. બ્લેક એન્ડ વાઈટથી લઈને ડીજીટલ ફોટોગ્રાફીનો એક આખો દૌર મારી આંખ સામેથી પસાર થયો છે. હાલમાં અમારી પાંચમી પેઢી ફોટોગ્રાફીના વ્યવસાય સાથે જોડાયેલી છે. મારા બાપુજી દેવજીભાઈએ સરદાર પટેલ અને મોરારજીભાઈ દેસાઈના ફોટા પાડ્યા હતા. મારા કાકા,બાપા બધા જ આ વ્યવસાયમાં હતા અને અમારા દીકરા પણ આ વ્યવસાયમાં જ છે." આ શબ્દો ભરતભાઈ ઘુંટલાના છે. વેરાવળના નેચરલ સ્ટુડિયોથી જાણીતા ભરતભાઈના પરિવારજનોના બે સ્ટુડિયો જૂનાગઢમાં છે તેજ કેશોદ અને રાણાવાવમાં પણ સ્ટુડિયો છે. તેમની પાસે કેમેરાનું મોટું કલેક્શન છે. તેઓ જણાવે છે કે, "મારી પાસે દોઢસો જેટલા કેમેરા છે. જેમાંના મોટા ભાગના કેમેરા એવા દુર્લભ છે જેનું ઉત્પાદન બંધ થઈ ગયું છે. રોલીફ્લેક્સ કંપનીથી લઈને હાલની નવી કંપનીના કેમેરાનું કલેક્શન મારી પાસે છે. કાળું કપડું ઢાકીને જૂના જમાનામાં ફોટોગ્રાફર જે ફોટા પાડતા તે કેમેરા અમારી પાસે છે. ઉપરાંત, સ્વીચવાળા પ્લેટ કેમેરા મારી પાસે છે. આ ઉપરાંત, મિનિટ કેમેરા તરીકે ઓળખાતા જુનવાણી કેમેરો પણ મારી પાસે છે. એ જમાનામાં કેમેરામાં ફલેશની વ્યવસ્થા નહોતી તથી પોટાશનો ભડકો કરીને લાઈટ મારવામાં આવતી તે કેમેરો મારી પાસે છે." ભરતભાઈના પરિવારના સભ્યોમાં દશેક જેટલા વ્યાવસાયી ફોટોગ્રાફર્સ છે. વેરાવળમાં ફોટોસ્ટુડિયો ધરાવતાં મુકેશ ચોલેરાએ જણાવ્યું હતું કે, "દિવાળીમાં જેમ વેપારીઓ ચોપડા પૂજન કરે છે તેમ અમે બધા ફોટોગ્રાફર્સ દિવાળીમાં કેમેરાનું પૂજન કરીએ છીએ."

## ધામળેજની આદર્શ પ્લે હાઉસફુલમાં નાના ભૂલકાઓ દ્વારા રક્ષાબંધનની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) પ્રાચી તીર્થ તા.૧૯

સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામ ખાતે આવેલ શ્રીરામ ભગત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આદર્શ પ્લે હાઉસફુલમાં નાના ભૂલકાઓ દ્વારા રક્ષાબંધન ભાવભેર ઉજવણી કરાઈ હતી. જેમાં બહેને ભાઈને રક્ષા રાખડી બાંધેલી હતી. નાના ભૂલકાઓ દ્વારા ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર એટલે કે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના સંચાલક મેરૂભાઈ વાળા, માનસિંગભાઈ કામળિયા, સ્ટાફમાં સંજનાબેન, સવિતાબેન, તેજલબેન, દીપિકાબેન, અરૂણાબેન, દીપિકાબેન સહિત જોડાયા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

## સેવાની સુંગધથી સન્માનીત કરાતા ગુજરાતી ફિલ્મનાં અભિનેત્રી ગીતાબેન અગ્રાવત



જૂનાગઢ તા. ૧૯

ગુજરાતી ફિલ્મ અભિનેત્રી ગીતાબેન અગ્રાવત નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ ચલાવે છે અને દિવ્યાંગોની સેવા કરવા બદલ તેમનાં આ સુંદર કાર્યને બિરદાવતા કર્મવીર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

## પ્રાચી તીર્થ ખાતે કે.કે. મોરી સ્કૂલમાં હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

ગીર સોમનાથ દ્વારા ૬૮મી અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધા ૨૦૨૪-૨૫(SGFI)નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા શ્રી કે.કે. મોરી હાઈસ્કૂલ પ્રાચી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ટ્રસ્ટી તેમજ શાળાના પ્રિન્સિપાલ અને શાળાના સ્ટાફગણ હાજર રહેલ હતા અને ખેલાડીને પ્રોત્સાહિત કર્યા હતા. હેન્ડબોલ સ્પર્ધામાં વિજય થયેલ ખેલાડીઓને ખુબ ખુબ અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવમાં આવી હતી.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

### :: અવસાન નોંધ ::

વિસાવદર : રંભાબેન પાંચાભાઈ રિબડીયા(ઉ.વ.૭૦)નું અવસાન થયેલ છે. તેઓ વિસાવદરના પાંચાભાઈ નાનજીભાઈ રિબડીયાના ધર્મપત્ની તથા સ્વ.નારણભાઈ તથા જયહિંદના પત્રકાર મુકેશભાઈ રિબડીયાના માતુશ્રી તથા કૌશલ, જેનિલ તથા નૈમિસના દાદીમા થતા હતા.

# ગુજરાતનું પ્રથમ રોબોટિક હિપ રિપ્લેસમેન્ટ ડાયરેક્ટ એન્ટિરિયર એપ્રોચ અને ઓક્સિનિયમ ડ્યુઅલ મોબિલિટી ઈમ્પ્લાન્ટ સાથે - સક્રિય જીવનશૈલી ધરાવતા દર્દીઓ માટે ગેમ-ચેન્જર

**ક્રાંતિકારી શસ્ત્રક્રિયા અજોડ સ્થિરતા, સુગમતા અને દીર્ધાયુષ્ય પ્રદાન કરે છે**



અમદાવાદ, તા.૧૯

કેડી હોસ્પિટલ ઓર્થોપેડિક્સ ક્ષેત્રે નવીનતાની આગવી ઓળખ સાથે આગળ વધી રહ્યું છે. ડાયરેક્ટ એન્ટિરિયર અપ્રોચ પદ્ધતિનો ઉપયોગ કરીને ઓક્સિનિયમ ડ્યુઅલ મોબિલિટી પ્રોથેસિસનો રોપણ સાથે રોબોટિક ટોટલ હિપ રિપ્લેસમેન્ટ (THR) સર્જરીની સીમાચિહ્ન સ્વરૂપે સફળતા પ્રાપ્ત કરી છે. આ સર્જરી તાજેતરમાં એક ૫૦-વર્ષના દર્દી પર કરવામાં આવી હતી, જેણે સક્રિય જીવનશૈલી હોવા છતાં, કમજોર હિપ પીડાનો સામનો કરવો પડ્યો હતો જેણે તેની દૈનિક પ્રવૃત્તિઓ પર ગંભીર અસર કરી હતી. આ સફળ સર્જરી હિપ જોઈન્ટ રિપ્લેસમેન્ટમાં એક મહત્વપૂર્ણ પ્રગતિનો નવો માઈલસ્ટોન છે, ખાસ કરીને યુવાન દર્દીઓ માટે, જે તેમની ગતિશીલતા અને જીવનની ગુણવત્તા પુનઃપ્રાપ્ત કરવા ઈચ્છે છે.

મિનિમલી ઈન્વેસિવ પદ્ધતિ માટે જાણીતી ડાયરેક્ટ એન્ટિરિયર એપ્રોચ સર્જનોને આગળથી હિપ સાંધાને એક્સેસ કરવાની મંજૂરી આપે છે, જેના કારણે સ્નાયુ અને પેશીઓને ઓછી હાનિ પહોંચે છે. રોબોટિક ટેકનોલોજીની સુક્ષ્મતાના સમન્વય સાથે, આ પદ્ધતિ ઉત્તમ ઈમ્પ્લાન્ટ પ્લેસમેન્ટની ખાતરી આપે છે. જ્યારે ઓક્સિનિયમ ડ્યુઅલ મોબિલિટી ઈમ્પ્લાન્ટ સાથે સંયોજનમાં આવે છે, ત્યારે આ પદ્ધતિ અનન્ય ફાયદા પ્રદાન કરે છે, જેમ કે ઓપરેશન પછીના દુખાવામાં ઘટાડો, હોસ્પિટલમાં ઓછો સમય, અને સામાન્ય પ્રવૃત્તિઓમાં ઝડપથી પુનઃપ્રવેશ. જે દર્દીએ આ ક્રાંતિકારી સર્જરી કરાવી હતી, તે ગંભીર દુખાવો અને મર્યાદિત ગતિશીલતાથી પીડિત હતા. સર્જરી પછી, તેમને ચલાવવામાં આવ્યા છે અને હાલ તે સ્વસ્થ છે.

ડો.અતીત શર્મા, સિનિયર જૉઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, કેડી હોસ્પિટલ : ૩૦ વર્ષ સુધી ચાલનાર ઈમ્પ્લાન્ટ સાથે, આ નવીનતા લાંબા ગાળાની મજબૂતાઈ અને સ્થિરતા પ્રદાન કરે છે. તે સર્જિકલ ચોકસાઈ સુધારવા, પુનઃપ્રાપ્તિનો સમય ઘટાડી અને વિસ્થીતિનો જોખમ ઓછું કરવામાં મદદ કરે છે, જે સક્રિય જીવનશૈલી ધરાવતા દર્દીઓને તેમની ગતિશીલતા વધુ ઝડપથી અને અસરકારક રીતે પુનઃપ્રાપ્ત કરી શકે છે, તેમને ઉજ્જ્વળ, વધુ સક્રિય ભવિષ્ય પ્રદાન કરે છે.

ડો.અદિત દેસાઈ, મેનેજિંગ ડિરેક્ટર, કેડી હોસ્પિટલ : આ અદ્યતન રોબોટિક હિપ રિપ્લેસમેન્ટ સર્જરીમાં અમારા ટીમની સિદ્ધિ પર મને ગર્વ છે. આ માઈલસ્ટોન અમારા દર્દીની સંભાળમાં તબીબી નવીનતાઓને સંકલિત કરવાની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ડાયરેક્ટ એન્ટિરિયર એપ્રોચનો ઉપયોગ કરીને રોબોટિક ટેકનોલોજીની ચોકસાઈને ઓક્સિનિયમ ડ્યુઅલ મોબિલિટી ઈમ્પ્લાન્ટના ફાયદાઓ સાથે જોડીને, અમે માત્ર સર્જિકલ પરિણામોને સુધારતા નથી, પરંતુ જીવનને પરિવર્તિત કરીએ છીએ, જેનાથી અમારા દર્દીઓ તેમની ગતિશીલતા પાછી મેળવી શકે અને વધુ આત્મવિશ્વાસ અને સરળતા સાથે પીડામુક્ત જીવી શકે.

કેડી હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગ વિશે : કેડી હોસ્પિટલનો ઓર્થોપેડિક વિભાગ તેના અદ્યતન હાડકાં અને સાંધાઓની સંભાળ માટે જાણીતો છે. તે ઝડપી પુનઃપ્રાપ્તિ માટે ન્યૂનતમ આક્રમક શસ્ત્રક્રિયાઓમાં નિષ્ણાત છે, જેમાં રોબોટિક ટોટલ હિપ રિપ્લેસમેન્ટ તેમજ રોબોટિક ટોટલ ઘૂંટણ, આંશિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ અને એક્લ રિપ્લેસમેન્ટનો સમાવેશ થાય છે. અદ્યતન ટેકનોલોજી અને નિષ્ણાત સર્જનોની ટીમ સાથે, કેડી હોસ્પિટલ સતત અસાધારણ દર્દીની સંભાળ અને ઉન્નત ગતિશીલતા પ્રદાન કરે છે.

### ગુજકોસ્ટ ગાંધીનગર અને

# ગીર સોમનાથ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યુવા વિદ્યાર્થીઓને કલાઈમેટ ગેમ ચેન્જર બનવા માટે શાળાના શિક્ષકોનો તાલીમ વર્ગ યોજાયો






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા કલાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી યુવા વિદ્યાર્થીઓને કલાઈમેટ ગેમ ચેન્જર બનવા તેમજ પ્રેરિત કરવા માટે એક નવો અને નવતર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ડિરેકટોરેટ ઓફ પ્રાઈમરી એજ્યુકેશન (ડીપીઇ)ના સક્રિય સહયોગથી અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમના ભાગરૂપે, ગીર સોમનાથ જિલ્લાની ૩૦ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ની તાલીમ ૧૬ ઓગસ્ટ ૨૦૨૪ના રોજવામાં આવી હતી. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સંસ્થાના ચેરમેન શા. સ્વા. ભક્તિપ્રકાશદાસજી તથા કાનાભાઈ ગઢીયા (અગ્રણીશ્રી, પ્રભાસ પાટણ) દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ટ્રેનર તરીકે મિલનભાઈ સરવૈયા તથા સૌમિલભાઈ મોદી ( ગુજકોસ્ટ ગાંધીનગર) રહ્યા હતા. આ અંગે માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડિનેટર વિજયભાઈ કોટડીયા એ જણાવેલ કે ગીર સોમનાથ જીલ્લા માટે શ્રી ધર્મભક્તિ લોક વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે. આ કાર્યક્રમના ભાગરૂપે, જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ગીર સોમનાથ જીલ્લાની કુલ ૩૦ પ્રાથમિક શાળાના શિક્ષકોને આ પ્રવૃત્તિ ગેમ-કિટના અસરકારક ઉપયોગ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં યુવા વિદ્યાર્થીઓને પર્યાવરણ ના વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યે પ્રેરિત થશે. આ પ્રવૃત્તિ આબોહવા પરિવર્તનના પ્રવર્તમાન મુદ્દાઓ અને આબોહવા પરિવર્તનને ઘટાડવાની રીતો તરફ યુવા માઈન્ડ ને દિશા આપવા માટે સાવચેતીપૂર્વક તૈયાર કરવામાં આવી છે. શાળાના બાળકો માટે બોર્ડ ગેમ્સ અને અન્ય ઈન્ટરેક્ટિવ ગેમ્સ ઘણીવાર તેમના માઈન્ડને પડકારે છે અને તેઓ કેવી રીતે વસ્તુઓનું આગલા સ્તર સુધી અર્થઘટન કરી શકે છે તે વિશે સક્રિયપણે વિચારતા કરે છે. આ તેમને માનસિક વિકાસ અને મેમરી રીટેન્શનને વધારવામાં મદદ કરે છે.તે બાળકોને તેમની સામાજિક કુશળતાઓ જેમ કે ટીમ વર્ક, નેતૃત્વની ગુણવત્તા અને અન્ય સમકક્ષ જૂથો સાથે સહકાર વિકસાવવામાં પણ મદદ કરે છે. તે શાળાના બાળકોની વિશ્લેષણાત્મક વિચારસરણીને વધારી શકે છે. તે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓને હલ કરીને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરે છે. ગુજકોસ્ટ દ્વારા આ માટેની ગેમ્સની કિટની ખરીદી સરકાર દ્વારા કરવામાં આવી છે અને હવે તેનું CSCના નેટવર્ક દ્વારા ૧,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ તાલીમ પૂર્ણ થયા બાદ અને ગુજરાતભરની ૧૦૦૦ શાળાઓમાં કલાઈમેટ ચેન્જ ગેમ કિટનું વિતરણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને ગુજકોસ્ટની ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, નેશનલ સાયન્સ સેમિનાર અને અન્ય મુખ્ય પહેલમાં ભાગ લેવા માટે પ્રેરણા મળશે. આ કલાઈમેટ સાયન્સ ગેમ્સ ગુજરાતભરના યુવા માનસમાં કલાઈમેટ ચેન્જની જાગૃતિ લાવવા માટે ખરેખર મદદરૂપ થશે. કાર્યક્રમની આભાર વિધિ તથા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન ગુંદરણીયા દ્વારા કરવામાં આવેલ હતું.

## ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસ ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



જૂનાગઢ તા.૧૯

આઝાદીના પાવન પર્વ નિમિતે જોષીપરા સ્થિત ડો.હરીભાઈ ગોધાણી કેમ્પસ ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિતે ધ્વજવંદન સંસ્થાના ટ્રસ્ટી કુસુમબેન ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ સતત આગળ વધે અને આપણા રાષ્ટ્ર માટે કંઈક કરી બતાવે અને પોતાના માતા પિતાનું નામ રોશન કરે તેવા આશિર્વાદ આપયા હતા ત્યાર બાદ ટ્રસ્ટી ચુનીભાઈ રાખોલીયા અને સંસ્થાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે.ઠેસિયા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ત્યાર બાદ સાંસ્કૃતિક રંગમંચ ઉપર વિવિધ પ્રકારની જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ સંસ્થામાં અભ્યાસ કરતી દિકરીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી.

આ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ખુબ જ સારી રીતે થઈ તે બદલ સમગ્ર સ્ટાફગણનો સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જે.કે.ઠેસીયા તેમજ સમગ્ર ટ્રસ્ટી ગણે આભાર વ્યકત કર્યો હતો.

# વેરાવળથી આશાબહેનોએ રક્ષાબંધન નિમિત્તે મુખ્યમંત્રીને રાખડી મોકલી લઘુતમ વેતનની માંગ કરી

**રક્ષાબંધનને લઈ આશાબહેનોએ મુખ્યમંત્રીને મોટાભાઈ માનીને અનોખી રીતે માંગ રજુ કરી : રાણી લક્ષ્મીબાઈ આશા યુનિયન આશા અને ફેસીલીટર બહેનોના પ્રશ્નો ઉઠાવશે**




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૯

વેરાવળમાં આપ પાર્ટીના પ્રવીણ રામની આગેવાનીમાં આશા ફેસીલીટર બહેનોની મીટીંગ યોજાઈ હતી. જેમાં રક્ષાબંધન પર્વને લઈ હાજર તમામ બહેનોએ મુખ્યમંત્રીને રાખડી મોકલી લઘુતમવેતનની માંગ કરી હતી. બેઠકમાં આશા બહેનોના પડતર પ્રશ્નો અને માંગણી બુલંદ કરવા માટે રાણી લક્ષ્મીબાઈ આશા યુનીયન નામના સંગઠનની રચનાની જાહેરાત કરી હતી. આ તકે ઉપસ્થિત તમામ બહેનોએ પ્રવિણ રામને રાખડી બાંધી હતી. મુખ્યમંત્રીને રાખડીઓ સાથે એક લાગણીસભર લેટર પણ મોકલવામાં આવ્યો જે લેટરમાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે ત્યારે દરેક બહેન ભાઈને રાખડી બાંધતી હોય છે અને ભાઈ ખુશીથી પોતાની બહેનને કંઈક ભેટ સોગાદો આપવાની આપણી સંસ્કૃતિ છે. ભાઈ બહેનનો સંબધ નિસ્વાર્થ વાળો હોય છે પરંતુ બહેનને કઈક દુઃખ અથવા વેદના હોય તો નીસંકોચપણે ભાઈને જણાવે છે. ત્યારે રાખડી મોકલીને આપને મોટાભાઈ માનીને જણાવવા માગીએ છીએ કે, અમોને અમારા કામ પ્રમાણે વેતન મળતું નથી, અનેક પ્રકારના કામો અમારી પાસે વેતન વિના કરાવી લેવાતા હોવા છતાં અમને કોઈ કર્મચારી ગણતું ન હોવાથી દુઃખની લાગણી અનુભવીએ છે. ત્યારે આપની બહેનોને લઘુતમ વેતન આપવાની સાથે કાયમી કર્મચારી બનાવી રક્ષાબંધનની ભેટ આપો એવી લાગણી અને અપેક્ષા છે.

## વેરાવળના રહીશને આપવના ૪૦ લાખનો ચેક રીટર્ન થતા આરોપીને બે વર્ષની સજા ફરકારી

**કોર્ટે ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે ચુકવવા પણ હુકમ કરેલ**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૯

વેરાવળના રહીશ પાસેથી હાથ ઉછીના લીધેલ ૪૦ લાખનો ચેક રીટર્ન થતા કોર્ટે આરોપીને બે વર્ષની સજા અને ૪૦ લાખની રકમ વળતર તરીકે ચુકવી આપવા હુકમ કર્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર વેરાવળના ભાલપરા ગામના રહીશ પ્રફુલભાઈ વિરાભાઈ ચાવડા પાસેથી માળીયા હાટીનાના આછીદ્રા ગામના વિપુલગીરી મનોજગીરી અપારનાથીએ હાથ ઉછીના રૂ.૪૦ લાખ લીધેલ હતા. જે રકમ પરત ચુકવવા માટે પેટે ચેક આપેલ જે વગર વસુલાતે પરત ફરી રીટર્ન થયો હતો. જેથી પ્રફુલભાઈને એડવોકેટ મારફત વેરાવળની જયુડી.મેજી. ફ.ક.ની કોર્ટમાં ગત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ ફોજદારી કેસ દાખલ કરેલ હતો. જેમાં ફરીયાદીના એડવોકેટ વિનોદ કુંભાણીએ જરૂરી લેખીત તથા મૈખિક પુરાવાઓ રજુ કરી ધારદાર દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ આરોપી વિપુલગીરી અપારનાથી ને કલમ-૧૩૮ ના ગુનામાં તક્ષીરવાન ઠેરવી બે વર્ષની કેદની સજા અને ચેકની રકમ રૂ.૪૦ લાખનું વળતર ફરીયાદીને ચુકવવાનો હુકમ કરેલ છે અને જો વળતરની રકમ ન ચુકવે તો વધુ છ માસની સજા કરતો હુકમ કરેલ છે.

## વિસાવદરના ભલગામ ગામે મિડલ સ્કૂલમાં સ્વાતંત્રતા પર્વની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૯

૭૮માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે વિસાવદર તાલુકાના ભલગામ ગામે મિડલ સ્કૂલમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગામના પ્રથમ નાગરિક સરપંચ જયોત્સનાબેન ગીરીશભાઈ ગોધાણી વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમજ ભલગામ ગામના ઉપસરપંચ, સભ્યઓ, ગામના આગેવાનઓ તેમજ ગ્રામજનોની હાજરીમાં અને પ્રાથમિક શાળા તેમજ મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા દેશ ભકિતના તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. આ સ્વતંત્રતા પર્વ નિમિતે ભલગામ ગામની પે સેન્ટર શાળા તેમજ સરસ્વતી પ્રાથમિક શાળા અને મિડલ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે ખેલ મહાકુંભમાં તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરથી ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ભલગામ ગામના સરપંચ જયોત્સનાબેન ગીરીશભાઈ ગોધાણીના સહયોગથી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ મિડલ સ્કૂલના ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરથી ઉતીર્ણ થયેલ તેજસ્વી તારલાઓને ડો.નીખીલભાઈ વેકરીયા(phd)ના સહયોગથી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાંગ્લાદેશમાં સતા પરિવર્તન બાદ દ્વારકાના મચ્છીમારી બંદર રૂપેણ ઉપર અજાણ્યા શખ્સોનું વેરિફિકેશન ક્યારે?

**આજ બંદર ઉપર અગાઉ અવાર નવાર કુટુંબ કબીલા સાથે વસેલા અને પકડાયેલા બાંગ્લાદેશીઓનો ભૂતકાળ હોય ઉઠી માંગ**

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૯

ગત પખવાડીયે ૫૦ વર્ષ પહેલા પૂર્વ પાકિસ્તાનમાંથી આઝાદી મેળવી બનેલા બાંગ્લાદેશમાં સ્વતંત્ર સેનાનીઓને આપવામાં આવતા અનામતના લાભોને બંધ કરવા દેશવ્યાપી ચાલતા યુવા આંદોલનને પગલે ઓચિંતું સતા પરિવર્તન થયું હોય તેમ વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશ છોડી ભારત આવી પહોંચ્યા અને તેને મુકવા માટે બાંગ્લાદેશ એરફોર્સનું હેલિકોપ્ટર આવેલ. જે ઘટનાએ વિશ્વને દેખાડવા માટેની એક આંતરરાષ્ટ્રીય પોલીસીનો ભાગ હોવાનું અને જન માણસને તે દર્શાવેલ કે આ લશ્કરી સતા પ્લટો નથી પરંતુ હંગામી વ્યવસ્થા હોવાનું દર્શાવવા થયેલ મોટી રાજકીય ઉથલપાથલ છે. જેના પગલે સતર્ક થયેલ દેશની સુરક્ષાં એજેન્સીઓ અને સુરક્ષાબળો દ્વારા હાલ વેઈટ એન્ડ વોચ સાથે દેશભરમાં બાંગ્લાદેશની આઝાદી પહેલા અને ત્યારબાદ વાયા બંગાળથી દેશભરમાં મૂળ બાંગ્લાદેશી હિન્દુ મુસ્લિમો જ્યાં ત્યાં પહોંચી જઈ સ્થાયી થયેલા અને સ્થાનિક બની ગયેલા બાંગ્લાદેશી મુસ્લિમો આવાર નવાર જ્યાં ત્યાં નાના મોટા ગુન્હાઓ મા પકડાય છે. ત્યારે તેમની અસલ ઓળખ સરકારી તંત્રના ધ્યાન ઉપર આવે છે. જેના ઉપર જે તે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવે છે. પરંતુ ભારતીય કાયદાઓ સમાવાયી નીતિઓ આધારિત હોય અને ન્યાયાલયોમાં ન્યાય આપવામાં થતા વિલંબના કારણે તે કાં તો જેલોમાં બંધ છે. કાં તો જામીન ઉપર છૂટી અહીં રહે છે... કાં તો દેશ નિકાલ થયાં બાદ ફરીને અહીં વસતા તેમના સગા સબંધિઓની મદદથી ફરી વાયા બંગાળ અહીં અલગ જગ્યા ઉપર નિવાસી બની જાય છે. જે મુજબ યાત્રાધામ દ્વારકાનું મચ્છીમારી રૂપેણ બંદર આ બાંગ્લાદેશીઓનું શેલ્ટર (આશ્રિત) સ્થાન હોય તેમ અગાઉ કાંઈક કેટલાય બાંગ્લાદેશીઓને પકડી પાડવામાં આવ્યા જ છે. જે સરકારી તંત્ર ના રેકર્ડ ઉપર નોંધાયેલ જ છે. ત્યારે નવા બનેલા ભારતીય ન્યાય સંહિતા અને જૂનાં આઈ.પી.સી.માં એક જોગવાઈ સમાવાય ન્યાય આધારિત આ દેશમાં કોઈપણ અજાણી વ્યકિતની ઓળખ જાણવાનો અધિકાર તંત્રને આપવામાં આવેલ છે.

જ્યારે કોઈ સ્થાનીય વ્યક્તિ તેમને પોતાને ત્યા શેલ્ટર(આશ્રય) આપે તેમણે સ્થાનિક પોલીસને જાણ કરવાની અને સ્થાનિક પોલીસ દ્વારા અજાણી વ્યકિત દ્વારા આપવામા આવેલ પોતાની ઓળખના જે તે પોલીસ સ્ટેશન ઉપરથી તેમની ઓળખ અને તેમના દ્વારા કરવામાં આવેલ કોઈપણ ગુન્હાની માહીતી મેળવાવા ફોર્મ બીમાં માહીતી ભરી આ કાર્યવાહી કરવાની હોય છે. જે કાર્યવાહી આજ વર્ષોથી ક્યાંય થતી નથી જેને કારણે વિદેશીઓને દેશમાં ઘુષણખોરી કરી દેશના નાગરીક બનવાનું આસાન બની ગયેલ છે. ત્યારે યાત્રાધામ દ્વારકાના મચ્છીમારી બંદર રૂપેણના અગાઉના ઈતિહાસને અને મચ્છીમારીના વ્યવસાયના સ્વાંગમાં દેશદ્રોહી પ્રવૃત્તિના સૌરાષ્ટ્રના હબ બનેલ આ બંદર ઉપર હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ સઘન ચેકીંગ અને ટ્રેકિંગ કરવાની માંગણી પ્રજામાં ઉઠવા પામેલ છે.

## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ ખાતે એક દિવસીય અખંડ ધૂનનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૧૯

પવિત્રા એકાદશીના શુભદિને ૧૨ કલાકની અખંડ ધૂનનું શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૭ વાગ્યે શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશ દાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજી તથા દિનેશભાઈ એમ. રામાણી (આચાર્યશ્રી હાઈસ્કુલ)એ ધૂનનો શુભારંભ કરાવ્યો હતો.

# દ્વારકા જગત મંદિરે ઠાકોરજીની પાલખી યાત્રાને પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપ્યું

**યાત્રાધામ દ્વારકામાં જીલણા એકાદશી નિમીતે પરંપરાગત ઠાકોરજીના બાલસ્વરૂનની પાલખીયાત્રા નિકળી ઠાકોરજીના બાલસ્વરૂપ ગોપાલજીને પવિત્ર કંકલાસ કુંડમાં શાસ્ત્રો પુજન વિધી કરી સ્નાન કરાવાયું**




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૯

યાત્રાધામ દ્વારકામાં શ્રાવણસુદ અગીયારસના જીલણા એકાદશીના શુભદિને ભગવાન શ્રીદ્વારકાધીશના બાલસ્વરૂપની જગતમંદિરેથી પાલખીયાત્રા નિકળી હતી. દ્વારકાધીશ દ્વારકા નગરીના રાજા હોય એક રાજાની આન બાન શાન હોય તેવા જ ઠાઠમાં ઠાકોરજી શહેર ભ્રમણ કરે છે. ત્યારે ઠાકોજીના બાલસ્વરૂપની પાલખીયાત્રા જગતમંદિર બહાર નિકળી ત્યારે પોલીસ જવાનો દ્વારા ખડેપગે રહી ગાર્ડ ઓફ ઓનર આપ્યુ હતું. ત્યારબાદ શહેરના રાજ્ય માર્ગો મંદિરચોક, નિલકંઠચોક, હોળીચોક, ત્રણબતીચોક, ખારવાદવાજા ચોક, પરથી ઠોલ નગારાના શુરવીલથી ધામધુમથી ઠાકોરજીની નગરયાત્રા કાઠી શ્રીજીના બાલસ્વરૂપને શહેરના પવિત્ર સરોવર કે જેમને કંકલાસ કુંડ (સુર્ય કુંડ) પણ કહેવાય છે. જયા ભગવાને કકલ (નોળિયારૂપી) નૂર્ગરાજાનો ઉધ્ધાર કરેલ હતો. ત્યા ભગવાનના બાલસ્વરૂપને પુજનવિધી કરી પંચામૂર્તથી કુંડમાં સ્નાન કરાવી ઠાકોરજીની આરતી તેમજ પુજનવિધી કરવામાં આવી હતી.

આજનો દિન જીલણા એકાદશી અને પવિત્રા એકાદશી તરીકે પણ ઓળખાય છે. જીલણા એકાદશીએ ભગવાન નગરજનોને દર્શન આપી એક પ્રજાપાલક તરીકે બધાની ઈછાંઓ પરી પૂર્ણ કરે છે. આ પવિત્ર કંકરાસ કૂંડમાં સ્નાન કરવાથી શરીરમાં જે લોકોને સ્કીન રોગ હોય તે નાશ થૈઈ જાય છે. ભગવાની યાત્રામાં મોટી સંખ્યામાં સ્થાનિકો, તેમજ યાત્રિકો જોડાઈ દર્શન કરી ભાવવિભોર બન્યા હતા.

## ૭૮માં સ્વાતંત્ર્ય દિન નિમીતે જટાશંકર મહાદેવ મહંત શ્રી પુર્ણાનંદનજી દ્વારા ધ્વજવંદન



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ ગીરનારની ગોદમાં વસેલું ગિરનારનું ગુપ્ત પ્રવેશદ્વાર એવું જટાશંકર મહાદેવની ધાર્મિક જગ્યામાં પ્રથમ વખત ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહંતશ્રી પૂર્નાનંદ બાપુ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ હતી. આ પ્રસંગે ભાવિકોએ પણ આ કાર્યક્રમમાં હોર્સ બે હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# અનામતને વધુ ન્યાયસંગત બનાવતો નિર્ણય

સુપ્રીમ કોર્ટની સાત સદસ્યોની બંધારણીય પીઠે અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ એટલે કે એસસી-એસટીની અનામતના ઉપવર્ગીકરણનો જે ચુકાદો આપ્યો, તે આ સમુદાયોની અનામતને વધુ ન્યાયસંગત બનાવવાની સાથે જ સામાજિક ન્યાયના ઉદ્દેશ્યને પૂરો કરનારો છે. લાંબા અરસાથી એ અનુભવાઈ રહ્યું હતું કે એસસી-એસટી સમુદાયની કેટલાક જાતિઓ તો અનામતનો પર્યાપ્ત લાભ ઉઠાવી રહી છે, પરંતુ કેટલીકને તેનો યોગ્ય લાભ મળતો નથી અને તેને કારણે તેઓ સમાજની મુખ્યધારામાં સામેલ નથી થઈ શકતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાએ ૨૦૦૪ની પાંચ સદસ્યોની બંધારણીય પીઠના ચુકાદાને પલટી નાખ્યો છે. એ ચુકાદામાં કહેવાયું હતું કે એસસી-એસટી સમુદાયની જાતિઓ એકસમાન છે અને તેનું ઉપવર્ગીકરણ ન કરી શકાય. સુપ્રીમ કોર્ટની સાત સદસ્યોની પીઠે તેની સાથે અસહમતિ વ્યક્ત કરતાં કહ્યું કે એસસી-એસટી સમુદાયની જાતિઓમાં પણ પછાત અને અતિ પછાત જાતિઓ છે. વાસ્તવમાં આ સમુદાયોની જાતિઓની સામાજિક-આર્થિક સ્થિતિમાં અંતર તો છે જ, સાથે જ તેમની વચ્ચે ઊંચનીચનો ભાવ પણ છે.

સુપ્રીમ કોર્ટના એક ન્યાયાધીશે એ બિલકુલ યોગ્ય ઉદાહરણ આપ્યું કે દિલ્હી યુનિવર્સિટીના સેન્ટ સ્ટીફન્સ અથવા મહાનગરોની કોઈ અન્ય પ્રતિષ્ઠિત કોલેજમાં ભણનાર છાત્ર અને કોઈ ગ્રામીણ ક્ષેત્રની કોલેજમાં ભણનાર છાત્રની સ્થિતિને એકસમાન ન માની શકાય. સુપ્રીમ કોર્ટે એસસી-એસટીની અનામતમાં ક્રીમી લેયરની વ્યવસ્થા લાગુ કરવાની પણ આવશ્યકતા વ્યક્ત કરી છે. તે એટલા માટે, કે એક તો ઓબીસી અનામતમાં ક્રીમી લેયર લાગુ છે અને બીજું, એસસી-એસટી સમુદાયમાં અનેક લોકો એવા છે, જે આર્થિક અને સામાજિક રૂપે ક્યાંય વધારે સક્ષમ અને સંપન્ન છે. એસસી-એસટી સમાજની જાતિઓમાં ઉપવર્ગીકરણ કરીને તેમને અનામત પ્રદાન કરવાથી એ લોકોને સામાજિક ઉત્થાનમાં આસાની રહેશે, જે હજુ પણ પછાત રહી ગયા છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ કેટલાય પક્ષોએ એક રીતે ચૂપકિદી સેવી લીધી છે. એસસી-એસટી જાતિઓમાં ઉપવર્ગીકરણથી આ સમુદાયોને એક વોટબેંક સ્વરૂપે જોનારા અને એ જ આધાર પર રાજનીતિ કરનારા પક્ષોનું રાજકીય નુક્સાનનો ભય તેમની ચૂપકિદીનું કારણ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર જાતિની રાજનીતિ કરનારા પક્ષોનું વલણ જે પણ હોય, એનો ઈનકાર નહીં કે એસસી-એસટી સમુદાયના કેટલાય નેતા ઊંચાં પદો પર પહોંચી ચૂક્યા છે. આ રીતે આ સમુદાયોના અનેક લોકો અનામતનો લાભ ઉઠાવીને આઈએએસ-આઈપીએસ અધિકારી પણ બની ચૂક્યા છે. હવે તેમનાં બાળકોને પણ જો અનામતનો લાભ મળે તો તે અનામતનો દુરુપયોગ જ ગણાય. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છેકે જો કોઈ પરિવારને એક વખત અનામતનો લાભ મળી ચૂક્યો હોય તો તેને આગળ ન મળવો જોઈએ. એક રીતે અનામતના લાભને પહેલી પેઢી સુધી જ સીમિત કરવાની જરૂરિયાત વ્યક્ત કરાઈ રહી છે. એના પર ગંભીરતાથી વિચાર કરવો જોઈે, જેથી વધુને વધુ જરૂરિયાતમંદ લોકોને અનામતનો લાભ આપી શકાય. એ યોગ્ય નથી કે લોકો પેઢી દર પેઢી અનામતનો લાભ ખાટતા રહે. જો ઓબીસી અનામતમાં ક્રીમી લેયરની વ્યવસ્થા લાગુ કરી શકાય છે તો એવી જ વ્યવસ્થા એસસી-એસટી અનામતમાં પણ લાગુ કરવી જ જોઈએ. એટલા માટે, કારણ કે ઓબીસીની જેમ જ એસસી-એસટી સમુદાયમાં કેટલીય જાતિઓ એવી છે, જેની સામાજિક-આર્થિક સ્થિતિ બહેતર થઈ ચૂકી છે. એક રીતે આ જાતિઓ પછાતોમાં અગ્રીમ હરોળમાં છે. એસસી-એસટી અને ઓબીસી સમુદાયની એવી જ જાતિઓ અનામતનો વધુ લાભ ઉઠાવી રહી છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ઐતિહાસિક ચુકાદામાં એસસી-એસટી જાતિઓના ઉપવર્ગીકરણનો અધિકાર રાજ્ય સરકારોને પણ આપી દીધો છે. અત્યાર સુધી આ અધિકાર માત્ર કેન્દ્ર સરકારનો હતો. ાજ્ય સરકારો દ્વારા આ અધિકારનો દુરુપયોગ કરવાની આશંકા છે. આ આશંકા એટલા માટે છે, કારણ કે રાજ્ય સરકારો વોટ બેંકની રાજનીતિ અંતર્ગત એસસી-એસટી જાતિઓનું મનમાફક રીતે ઉપવર્ગીકરણ કરી શકે છે. એવું ન થવા પામે, એ સુપ્રીમ કોર્ટે જોવું પડશે. જોકે તેણે એમ કહ્યું છે કે ઉપવર્ગીકરણનું કામ તથ્યોના આધાર પર થવું જોઈએ અને તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે, પરંતુ જોવાનું રહેશે કે એવું થઈ શકે છે કે નહીં.

દેશમાં મોટભાગના ગરીબો એસસી-એસટી અને ઓબીસી વર્ગની જાતિઓમાંથી આવે છે. જો આ ગરીબોની બહેતર રીતે ઓળખ કરવામાં આવે તો સરકારો તેમના ઉત્થાન માટે વિશેષ ઉપાય કરીને તેમને મુખ્યધારામાં લાવવાનું કાર્ય કરી શકે છે. એવું જ થવું જોઈએ. આ સંદર્ભે વડાપ્રધાન મોદીનું એ કથન ઉલ્લેખનીય છે કે દેશમાં ચાર જ જાતિઓ છે - ખેડૂત, યુવા, ગરીબ અને મહિલાઓ. સ્પષ્ટ છે કે અનામત મામલે સૌથી વધુ ધ્યાન જે સર્વાધિક ગરીબ છે એના પર આપવું જોઈએ. આ ઉપવર્ગીકરણથી જ સંભવ છે.

કેન્દ્ર અદ્ધે રાજ્ય સરકારોએ અનામતની વ્યવસ્થાને સુધારવાની સાથે જ એ પણ સમજવું પડશે કે અનામત વોટબેંકના રાજકારણનો રસ્તો નથી, પણ સામાજિક ન્યાયનું માધ્યમ છે. આપણા દેશમાં કેટલાય પક્ષો જાતિ વિશેષનું રાજકારણ કરી રહ્યા છે અને એના પર ભાર મૂકે છે કે ગરીબ વર્ગોનું ઉત્થાન અને સાથે જ દેશની તમામ સમસ્યાઓનું સમાધન માત્ર અનામતના જોરે જ સંભવ છે. એને કારણે જ તેઓ જાતિ ગણનાની માંગ કરી રહ્યા છે. એ ધારણા યોગ્ય નથી, કારણ કે એ કહેવું સાચું નથી કે સ્વતંત્રતા બાદથી દેશમાં જે પ્રગતિ થઈ છે, તેનો લાભ માત્ર સવર્ણ જાતિઓને જ મળ્યો છે. આજે દેશમાં અનામત વર્ગોના લોકો મોટા કારોબારી પણ છે. આ વર્ગોના અનેક લોકો એવા પણ છે, જેઓ અનામત વિના જ આગળ વધ્યા છે. આ યોગ્ય સમય છે કે કેન્દ્ર સરકાર ઓબીસી અનામતમાં ઉપવર્ગીકરણ માટે રચાયેલ રોહિણી પંચના રિપોર્ટનું અધ્યયન કરીને તેમનાં સૂચનો પર અમલ કરવાની દિશામાં આગળ વધે. રાજકીય પક્ષોએ એ સમજવું પડશે કે અનામત વર્ગોમાં જેમને પણ અનામતનો લાભ મળી ચૂક્યો છે, તેમને તેના દાયરાથી બહાર કરવાની વ્યવસ્થાથી લાયક લોકો એટલે કે વાસ્તવિક ગરીબો-વંચિતોને અનામત આપીને તેમનું ક્યાંય વધુ આસાનીથી સામાજિક ઉત્થાન સંભવ છે.

# ૭૮મા સ્વતંત્રતા પર્વની રાજકોટ જીલ્લા કક્ષાની ઉજવણી આન-બાન-શાન સાથે લોધિકા ખાતે સંપન્ન





રાજકોટ, તા. ૧૯

કાર્યક્રમના અધ્યક્ષ કલેકટર પ્રભવ જોશીએ સૌ રાજકોટવાસીઓને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, આપણો દેશ આજે આઝાદીના ૭૮મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે, ત્યારે સ્વતંત્રતા માટે પોતાનું જીવન અર્પણ કરી દેનારા વીરસપૂતોને વંદન કરવાનો આ અવસર છે. ૭૮ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પર્ફોર્મ **(Perform)**, રિફોર્મ **(Reform)** અને ટ્રાન્સફોર્મ **(Transform)**ના મંત્ર સાથે ભારત વિશ્વની ખૂબ ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા બન્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એવો વિચાર આપ્યો છે કે, સરકાર એ પ્રજા પર શાસન કરવા માટે નથી, પણ પ્રજાની સેવા માટે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર વડાપ્રધાનશ્રીના આ વિચારને આત્મસાત કરીને લોકકલ્યાણના કાર્યો અને વિવિધ યોજનાઓ થકી પ્રજાની સેવા કરી રહી છે. ગુજરાતમાં ગરીબ, વંચિત તેમજ અંતરિયાળ વિસ્તારના લોકો સુધી વ્યક્તિગત અને સમુહ યોજનાલક્ષી લાભ લાભાર્થીઓને સીધા જ હાથોહાથ પહોંચે તે માટે ગુજરાતમાં ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરાવ્યા છે. ગુજરાત માનવ સંસાધન માટે એક વૈશ્વિક કેન્દ્ર તેમજ વિશ્વ સ્તરીય શૈક્ષણિક સંસ્થાઓ અને કૌશલ્ય વિકાસ કેન્દ્રોનું હબ બનવાની દિશામાં અગ્રેસર છે. મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના દ્વારા સેમિકન્ડક્ટર, બ્લોકચેન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા કેટલાક ઉભરતા ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજયના યુવાનો રોજગારવાંચ્છુઓ નહિ, પણ રોજગારદાતા બને તે માટે રાજયમાં સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમ વિકસાવી છે. કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ રેંકિંગ ફ્રેમવર્કમાં ગુજરાત સતત 'બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ' બન્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશના નારીશક્તિના ઉત્થાન અને સમાનતાને પ્રોત્સાહન આપનારી અનેક યોજનાઓ અમલમાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાષ્ટ્રીય પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી કલેકટરની અધ્યક્ષતામાં લોધિકા ખાતે કરવામાં આવી હતી, જેમાં રંગીલા રાજકોટવાસીઓ દેશભક્તિના રંગે રંગાયા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ''વિકસિત ભારત'' બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. અને ધરતીને હરિયાળી બનાવવા ''એક પેડ માઁ કે નામ'' અભિયાન શરૂ કરાવ્યું છે. ''મારી માટી મારો દેશ'' તથા ''હર ઘર તિરંગા'' જેવા અભિયાનોના માધ્યમથી દેશવાસીઓમાં દેશભક્તિની ચેતના જગાવી છે અને જન-જનને તેની સાથે જોડ્યા છે. જેવી રીતે દેશની આઝાદીના સંઘર્ષમાં જન-જન જોડાયા હતા, તેવી જ રીતે દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા તેમજ ધરતીને હરિયાળી બનાવવાના મહા-અભિયાનમાં દરેક નાગરિકોએ જોડાઈને પોતાનું શ્રેષ્ઠ અર્પણ કરવા કલેકટરે સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા કલેક્ટરે રાજકોટ જિલ્લામાં પંડીત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, કુંવરબાઈનું મામેરુ યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના, સ્માર્ટ ફોન યોજના, ખેડૂત ખાતેદાર વીમા યોજના મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના સહિતની લોક કલ્યાણકારી યોજનાઓમાં થયેલી કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. કલેક્ટરે જણાવ્યું હતું કે, દેશને વિકસિત બનાવવા નાગરિકો તંદુરસ્ત હોય તે જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા રાજકોટમાં એઈમ્સ સહિત વિવિધ આરોગ્ય મંદિરો થકી આરોગ્ય સેવાઓને સતત સુદ્રઢ બનાવાઈ રહી છે. ઔદ્યોગિક ક્ષેત્રે રાજકોટ જિલ્લો દેશભરમાં નામ રોશન કરી રહ્યો છે. ''ઝીરો ઈફેક્ટ – ઝીરો ડિફેક્ટ'' – ઝેડ સર્ટિફિકેટ લેવામાં રાજકોટના ઉદ્યોગો દેશમાં પ્રથમ છે. આમ વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓ થકી સરકાર જન જનના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. હાલ અમૃતકાળ ચાલી રહ્યો છે ત્યારે ''વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત''ના સંકલ્પને સાકાર કરવા આપણે બધા પ્રતિબદ્ધ થઈએ, તેમ ક્લેક્ટરશ્રીએ ઉમેર્યું હતું.

સ્વતંત્રતા પર્વ નિમિત્તે કલેક્ટર પ્રભવ જોશી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે પોલીસ વિભાગની પરેડનું નિરીક્ષણ કર્યું હતું તથા ઉપસ્થિતોનું અભિવાદન ઝીલ્યુ હતું. આ રાષ્ટ્રીય પર્વમાં કલેક્ટરના હસ્તે વર્ષ ૧૯૪૨ની "હિન્દ છોડો" આંદોલનના લીધે ૨૦ માસ જેલની સજા ભોગવેલા સ્વાતંત્ર્ય સેનાની ધીરજલાલ રાવલના પરિજનો અને સ્વતંત્રતા સેનાની છગનભાઈ રાવજીભાઈ કટારીયાના પરિજનોનું કલેક્ટરશ્રીના હસ્તે સુતરની આંટી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રીએ લોધિકા તાલુકાના વિકાસ માટે રૂા.૨૫ લાખનો ચેક પંચાયતને એનાયત કર્યો હતો. કલેક્ટરના હસ્તે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ટી.આર.પી. ગેમઝોન વખતે લોકોના જીવ બચાવનારા દક્ષ કુંજડીયા, જિલ્લાના રમતવીરો, શાળાના શિક્ષકો તથા ચૂંટણી, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ સહિતના વિભાગોની અતિપ્રશંસનિય કામગીરી બદલ કુલ ૮૩ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે સ્ટેજ નીચે ઉતરીને કલેક્ટરે દિવ્યાંગ ખેલાડીઓની પાસે જઈને તેમને સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો પર નૃત્ય કરીને ઉપસ્થિત સર્વેમાં દેશભકિતનો જુવાળ જગાવી દીધો હતો. સમૂહ રાષ્ટ્રગાન બાદ કલેક્ટરશ્રી અને આમંત્રિતોના હસ્તે કાર્યક્રમ સ્થળે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પાવન પર્વની ઉજવણીમાં અગ્રણીશ્રી અલ્પેશ ઢોલરીયા, નરેન્દ્ર સિંહ, ધીરૂભાઈ સરવૈયા, જી.વી. મિયાણી, મનહરભાઈ બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, એડિશનલ કલેક્ટર જીજ્ઞાશા ગઢવી, એ.સી.પી. રાધિકા ભારાઈ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે.મુછાર સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, નગરજનો, શાળાના શિક્ષકો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ શહેરમાં સ્વાતંત્ર્યતા પર્વની ધામધુમથી ઉજવણી : ક્રિસ્ટલ સ્કૂલની કૃતિ પ્રથમ ક્રમે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૯

૧૫ મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ રાજકોટ જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં ક્રિસ્ટલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ **Indian Army**ના જીવન આધારિત કૃતિ રજુ કરી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કલેકટરશ્રી ચેતનકુમાર ગાંધી તેમજ સાંસદસભ્ય પુરૂષોત્તમ રૂપાલા, ધારાસભ્ય ઉદય કાનગડ, શ્રીમતી દર્શિતાબેન શાહ,રમોહનભાઈ કુંડારીયા સાથે રાજકોટ શહેરના પ્રબુદ્ધ નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. અહિં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ રાજકોટ શહેરની અલગ-અલગ શાળાઓની કૃતિઓ નીહાળી હતી.

કાર્યક્રમના અંતે ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓની કૃતી પ્રથમ ક્રમે જાહેર થતાં જ ઉપસ્થિત જનમેદનીએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીનીઓને શિલ્ડ અર્પણ કરી સન્માન્નિત કર્યા હતા. આ તકે શાળાનું પ્રતિનિધિત્વ કરનાર વિદ્યાર્થીનીઓ રાવલ શ્રેયા, પરમાર પ્રાંજલ, કાનાબાર હેમાંશી, વાલોદ્રા શ્રેયા, સાકરીયા ખનક, અંડોદરિયા ઉર્વશી, ઝણકાટ આસ્થા, બારડ સ્નેહા, કણઝારિયા વિધિ, નારણીયા પ્રિયા, સંચાણિયા જલ્પા, કેશુર આસ્થા, સવાડિયા પ્રિયાંશી, નંદિસરિયા ખુશી, સોઢા વિધિ,ચાવડિયા કિંજલ તેમજ કો-ઓડીનેટર નીંજલબેન રાઠોડને શાળાના ચેરમેન રણજીતસરે અભિનંદન પાઠવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્યને વળગી રહેશો તો અવશ્ય ઈશ્વરની પ્રાપ્તિ થશે.

- શ્રી રામકૃષ્ણપરંમહંસ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૧૫ શિવ પૂજન, શિવ મુષ્ટી (મગ), શ્રાવણી પૂર્ણિમા, વ્રતની પૂનમ, નાળિયેરી પૂર્ણિમા, રક્ષાબંધન, ઋક-યજુઃ-અથર્વ હિરણ્યકેશી તૈતરીય શ્રાવણી, કોકીલા વ્રત સમાપન, ભગવાન શ્રી હયગ્રીવ જયંતિ, જુલન યાત્રા સમાપન, પંચક (સાંજે ૬:૫૯ થી પ્રારંભ) તા.૧૯ ઓગષ્ટ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૪, શ્રવણ નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૨૦

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સાંજે ૬:૫૯ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૯-૦૮-૨૦૨૪ થી ૨૫-૦૮-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદઃખ થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

# રાજ્યભરમાં ડિજિટલ ક્રોપ સર્વે કામગીરીનો પ્રારંભ : આગામી ૪૫ દિવસ સુધી જારી રહેશે

ગંધીનગર, તા.૧૯

ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન દેશના તમામ રાજ્યોમાં ડિજિટલ ક્રોપ સર્વે હાથ ધરવા માટે નિર્દેશ કર્યો છે. જેને અનુસરતા સમગ્ર ગુજરાતમાં તા. ૧૬ ઓગસ્ટથી ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ૪૫ દિવસ સુધી ચાલશે. ગુજરાતના ૩૩ જિલ્લાની તમામ ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સર્વે પ્લોટને ડિજિટલ સર્વેમાં આવરી લેવામાં આવશે. આ અંગેની વિગતો આપતા કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણીપત્રક નમૂના નં. ૧૨ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે-પૂરી થતી નહોતી. ડિજિટલાઈઝ ક્રોપ સર્વે થતાં હવે ૧૦૦ ટકા પાણીપત્રક નમૂના નં. ૧૨માં નોંધણી થશે. પરિણામે નમૂના નં. ૧૨માં પાકની નોંધણી બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે. ગુજરાતના ૩૩ જિલ્લાઓના મળી કુલ ૧૮૪૬૪ ગામના અંદાજિત એક કરોડ જેટલા સર્વે નંબરમાં પાક વાવેતરનો ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. રાજ્યના તમામ ખેડૂતોને ડિજિટલ ક્રોપ સર્વેમાં સહયોગ આપવા કૃષિ મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. અગાઉ વર્ષ ૨૦૨૩-૨૪માં ડિજિટલ ક્રોપ સર્વે માટે ગુજરાતના અરવલ્લી, મહેસાણા, નર્મદા, ડાંગ, વલસાડ અને પોરબંદરને મળી કુલ ૬ જિલ્લાની પાયલોટ પ્રોજેક્ટમાં પસંદગી કરવામાં આવી હતી. ખરીફ-૨૦૨૩ અને રવિ ૨૦૨૩-૨૪ દરમ્યાન આ ૬ જિલ્લામાં સફળતાપૂર્વક ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં ખરીફ-૨૦૨૩ દરમ્યાન ૧૨.૯૦ લાખથી વધુ સર્વે પ્લોટનું તેમજ રવિ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૯.૫૦ લાખથી વધુ સર્વે પ્લોટનો ડિજિટલ સર્વે કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં પાક વાવેતરના રિયલ ટાઈમ ડેટા મેળવવા માટે ભારત સરકાર દ્વારા એગ્રીસ્ટેક એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લીકેશનના માધ્યમથી જ ગુજરાતમાં ડિજિટલ ક્રોપ સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વે કામગીરી ગ્રામ્ય સ્તરે પસંદ થયેલા સર્વેયર દ્વારા કરવામાં આવશે, તેનું એપ્રુવલ ગામના તલાટી દ્વારા કરવામાં આવશે તેમજ સર્વેનું વેરિફિકેશન ગ્રામસેવક દ્વારા કરવામાં આવશે. વાવેતરનો ડિજિટલ સર્વે થતા વાવેતરનો રિયલ ટાઈમ ડેટા સીધો ભારત સરકારને મળશે. જેના માધ્યમથી પાક વાવેતરની પરિસ્થિતિ, પાકનું નામ, સિંચાઈનો પ્રકાર વગેરેની માહિતી જાણી શકાશે.

# રાજ્યમાં ૨૦ ઓગસ્ટથી શિક્ષકોની વધ-ઘટ અને ૨૪ ઓગસ્ટથી જિલ્લા આંતરિક બદલી કેમ્પ યોજાશે

**બે તબક્કામાં ઓનલાઈન જિલ્લા આંતરિક બદલી કેમ્પ યોજવામાં આવશે, પ્રથમ તબક્કામાં ૨૪ ઓગસ્ટથી ૨૨ સપ્ટેમ્બર અને બીજા તબક્કામાં ૨૪ સપ્ટેમ્બરથી ૧૬ ઓકટોબર સુધી કેમ્પ**

અમદાવાદ, તા.૧૯

રાજ્યની પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો-વિદ્યાસહાયકો માટે વધ-ઘટ અને જિલ્લા આંતરિક બદલી કેમ્પનું આયોજન કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જે અનુસાર ૨૦ ઓગસ્ટથી બદલી કેમ્પનો ધમધમાટ શરૂ થશે. સૌપ્રથમ ૨૦ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ દરમ્યાન વધ-ઘટ બદલી કેમ્પ યોજવામાં આવશે. ત્યારબાદ ઓનલાઈન જિલ્લા આંતરિક બદલી કેમ્પ બે તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની કાર્યવાહી ૨૪ ઓગસ્ટથી ૨૨ સપ્ટેમ્બર સુધી અને બીજા તબક્કાની કામગીરી ૨૪ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી હાથ ધરાશે. રાજ્યની સ્કૂલોમાં ૩૧ જુલાઈ, ૨૦૨૪ની સ્થિતિએ મંજૂર મહેકમ મુજબ બદલી કેમ્પનું આયોજન કરવા મંજૂરી આપવામાં આવી છે. જે અન્વયે મંજૂર થયેલા મહેકમ અનુસાર જિલ્લા-નગર શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતાં વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક, ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ અને જિલ્લા આંતરિક બદલી (ઓનલાઈન) કેમ્પનું આયોજન કરવા આદેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈને ધ્યાને લઈ ચાલુ વર્ષે મંજૂર કરેલા મહેકમ કરતાં વધારાના ફરજ બજાવતા વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક, ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને વધ ગણી વધ પડતા વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક, ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ કેમ્પમાં હુકમ કરવાના રહેશે. વધ-ઘટ બદલી કેમ્પ ૨૦ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ દરમ્યાન યોજવામાં આવશે. જ્યારે જિલ્લા આંતરીક બદલી કેમ્પ(ઓનલાઈન)નો પ્રથમ તબક્કો ૨૪ ઓગસ્ટથી ૨૨ સપ્ટેમ્બર સુધી યોજાશે. જેમાં ૨૪ ઓગસ્ટથી ૨૯ ઓગસ્ટ સુધી કેમ્પના આયોજનની પુર્વ તૈયારી કરવામાં આવશે. ત્યારબાદ ૧ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી કેમ્પનું આયોજન કરવામાં આવશે. જ્યારે જિલ્લા આંતરીક બદલી કેમ્પ(ઓનલાઈન)નો બીજો તબક્કો ૨૪ સપ્ટેમ્બરથી ૧૬ ઓકટોબર દરમ્યાન યોજાશે. જેમાં ૨૪ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર દરમ્યાન કેમ્પના આયોજનની પુર્વ તૈયારી કરવાની રહેશે. ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બરથી ૧૬ ઓકટોબર દરમ્યાન કેમ્પનું આયોજન કરવાનું રહેશે. શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ ખાલી જગ્યાઓની જિલ્લા કક્ષાએથી ચકાસણી કર્યા બાદ જે તે વિભાગ-વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે. ખાલી જગ્યાઓ અપલોડ કરતી વખતે જિલ્લા વિભાજનમાં જે શિક્ષકો વિકલ્પ મુજબ શાળા ફાળવણીનો હુકમ કરેલા છે તેવા શિક્ષકો પૈકી છૂટા ન થયેલા હોય તે કિસ્સામાં શિક્ષકની હાલની શાળા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને જે શાળામાં ફાળવણી કરવામાં આવી છે તે જગ્યા ભરાયેલી ગણવાની રહેશે. જે પ્રાથમિક શિક્ષક-વિદ્યાસહાયકની અગાઉ આંતરીક કે જિલ્લા ફેરબદલી થયેલી હોય અને મહેકમ ન જળવાતું હોય તેવા કારણે છૂટા કરવામાં આવેલા ન હોય તો તેવા કિસ્સામાં મૂળ શાળાની જગ્યા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને બદલીની શાળામાં જગ્યા ભરેલી ગણવાની રહેશે. ઓનલાઈન પોર્ટલ ઉપર જગ્યાઓ અપલોડ કર્યા બાદ કોઈ પણ સંજોગોમાં ખાલી જગ્યાનો પ્રકાર કે વિભાગ બદલી શકાશે નહી અને જગ્યા બદલવા અંગે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત પ્રાથમિક શિક્ષણાધિકારીશાસનાધિકારીની રહેશે. ખોટી શાળા-ડાયસકોડ-ખાલી જગ્યાઓ અપલોડ કરવાને કારણે જે તે પ્રાથમિક શિક્ષક વિદ્યાસહાયક દ્વારા શાળા પસંદગી કરી લીધા બાદ બદલી હુકમનો અમલ કરવા બાબતે જો કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત પ્રાથમિક શિક્ષણ અધિકારી શાસનાધિકારીની રહેશે.

# અમેરિકા ગૂગલને ‘બ્રેક-અપ’ કરવાની યોજના બનાવી રહ્યું છે, કંપનીને તેના અમુક વ્યવસાયો વેચવા માટે દબાણ કરવામાં આવશે

(એજન્સી) તા.૧૯

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) દુર્લભ અવિશ્વાસની કાર્યવાહી ઉપર વિચાર કરી રહ્યું છે જેમાં ટેક જાયન્ટ ગૂગલને બ્રેક-અપ કરવાની યોજના છે. બ્લૂમબર્ગ દ્વારા અહેવાલ મુજબ આ બાબતથી માહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર આ વિચારણા કોર્ટના ચુકાદાને પગલે કરવામાં આવી છે જેમાં જાણવા મળ્યું હતું કે, કંપનીએ ઓનલાઈન સર્ચ માર્કેટ ઉપર ઈજારો છે. ન્યાયાધીશ અમિત મહેતાના પાંચ ઓગસ્ટના નિર્ણયને પગલે DOJ અધિકારીઓએ સંભવિત ઉપાયો વિશે ચર્ચાઓ કરી છે. એવો ચુકાદો આપવામાં આવ્યો હતો કે, ગૂગલ ગેરકાયદેસર રીતે ઓનલાઈન શોધ અને સર્ચ ટેક્સ્ટ જાહેરાતોના બજાર ઉપર ઈજારો ધરાવે છે. કોલંબિયા ડિસ્ટ્રિક્ટ માટે યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આપવામાં આવેલો ચુકાદો આ ટેક કંપનીઓની શક્તિને અંકુશમાં લેવાના પ્રયાસોમાં સરકાર માટે નોંધપાત્ર વિજય છે. ગૂગલને તેના એન્ડ્રોઈડ અને ક્રોમ બિઝનેસ વેચવાની ફરજ પડી શકે છે. જે વિકલ્પોની વિચારણા કરવામાં આવી રહી છે તેમાં સૌથી વધુ કડકમાં ગૂગલને તેના વ્યવસાયના મુખ્ય ભાગોને વિનિવેશ કરવા દબાણ કરવું સામેલ છે. બ્લૂમબર્ગના સ્ત્રોતો સૂચવે છે કે, એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમ અને ક્રોમ વેબ બ્રાઉઝર ડિવેસ્ટમેન્ટ માટે સૌથી વધુ સંભવિત ઉમેદવારો છે. આ બે ઉત્પાદનો ટેક ઈકોસિસ્ટમમાં ગૂગલનું વર્ચસ્વ છે, જેમાં એન્ડ્રોઇડ વિશ્વભરમાં આશરે ૨.૫ અબજ ઉપકરણોમાં વપરાય છે. ગૂગલને સ્પર્ધકો સાથે વધુ ડેટા શેર કરવાનું પણ ફરજિયાત કરી શકાય છે. આ વિચારણા હેઠળના ઓછા ગંભીર વિકલ્પોમાં એવા આદેશનો સમાવેશ થાય છે કે, ગૂગલ સ્પર્ધકો સાથે વધુ ડેટા શેર કરે. આમાં સંભવતઃ યુરોપના ડિજિટલ ગેટકીપર નિયમો દ્વારા તાજેતરના નિયમો મુજબ માઈક્રોસોફ્ટના બિંગ અથવા ડકડકગો જેવા હરીફ સર્ચ એન્જિન માટે ગૂગલને તેનો કેટલોક ડેટા ઉપલબ્ધ કરાવવાની જરૂર પડી શકે છે. DOJએ વિશિષ્ટ કોન્ટ્રાક્ટના પ્રકાર ઉપર પ્રતિબંધની પણ માંગ કરે તેવી શક્યતા છે. આ કરારોમાં એપલ અને સેમસંગ જેવી કંપનીઓને અબજો ડોલરની ચૂકવણીનો સમાવેશ થાય છે, તે સુનિશ્ચિત કરે છે કે, વિવિધ ઉપકરણો અને વેબ બ્રાઉઝર્સ ઉપર ગૂગલનું સર્ચ એન્જિન ડિફોલ્ટ આવે છે. બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ ગૂગલે આવી વ્યવસ્થાઓ માટે કંપનીઓને ૨૬૦૦ કરોડ ડોલર ચૂકવ્યા છે. DOJ માટે અન્ય ચિંતાનો વિષય તેના સર્ચ વર્ચસ્વને કારણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજી વિકસાવવામાં ગૂગલનો સંભવિત ફાયદો છે. સંભવિત ઉપાયના ભાગ રૂપે સરકાર ગૂગલને વેબસાઈટોને તેમની સામગ્રીનો ઉપયોગ ગૂગલના કેટલાક AI ઉત્પાદનો માટે શોધ પરિણામોમાં દેખાવા માટે કરવાની ફરજ પાડવાથી અટકાવી શકે છે. DOJ એટર્ની સંભવિત ઉપાયો પર ઈનપુટ એકત્રિત કરવા માટે ગૂગલની પ્રથાઓથી પ્રભાવિત કંપનીઓ સાથે પરામર્શ કરી રહ્યા છે. ગૂગલે જજ મહેતાના ચુકાદા સામે અપીલ કરવાનો તેનો ઈરાદો જાહેર કર્યો છે. કંપની કહે છે કે, તેની સફળતા તેના શ્રેષ્ઠ ઉત્પાદન પ્રદાન કરવાને કારણે છે જે વપરાશકર્તાઓ તેની ગુણવત્તા માટે પસંદ કરે છે.




## ‘તમિલનાડુમાં સુનાવણી ન થઈ શકે’

# સુપ્રીમ કોર્ટે સ્ટાલિન દ્વારા ‘સનાતન ધર્મ’ અંગેની ટિપ્પણીના કેસોને રાજ્યની બહાર લઈ જવા કહ્યુ

નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં મૌખિક રીતે તમિલનાડુના પ્રધાન ઉધયનિધિ સ્ટાલિન સામે ‘સનાતન ધર્મ’ ઉપરની તેમની ટિપ્પણીના કેસોને રાજ્યની બહાર ચલાવવાનો આદેશ આપ્યો હતો, અને તેમને આ કેસમાં કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવામાંથી પણ મુક્તિ આપી હતી. કોર્ટે કહ્યું કે, તમે તમિલનાડુ રાજ્યમાં આ ન ચલાવી શકો, તમારે તેના માટે બહાર જવું પડશે, અમને કહો કે સૌથી અનુકૂળ રાજ્ય કયું છે. કોર્ટે સ્ટાલિનની વિભિન્ન રાજ્યોમાં તેમની વિરુધ્ધ દાખલ કરાયેલધ્ કેસોને એકીકૃત કરવાની વિનંતી અંગે નોટિસ જારી કરી હતી. તેમની વિવાદાસ્પદ ટિપ્પણી ઉપર તમિલનાડુ, મહારાષ્ટ્ર, જમ્મુ અને કાશ્મીર, બિહાર, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં નોંધાયેલી એફઆઈઆરને ક્લબ કરવા માટે તેઓએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યા પછી સર્વોચ્ચ અદાલતે અભિવ્યક્તિના તેમના અધિકારનો દુરૂપયોગ કરવા બદલ તેમની ટીકા કરીર હતી. કોર્ટ કહ્યું હતું કે, તમે બંધારણની કલમ 19(1)(a) (એ) હેઠળ તમારા અધિકારનો દુરુપયોગ કરો છો. તમે કલમ ૨૫ હેઠળ તમારા અધિકારનો દુરૂપયોગ કરોર છો. હવે તમે કલમ ૩૨ (સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવા) હેઠળ તમારા અધિકારનો ઉપયોગ કરો છો? તમે જે કહ્યું છે તેના પરિણામો તમે જાણો છો, તમે મંત્રી છો. DMK નેતાએ ‘સનાતન ધર્મ’ની સરખામણી ‘મેલેરિયા’ અને ‘ડેન્ગ્યુ’ સાથે કરી હતી અને તેમણે જાતિ પ્રણાલી અને ભેદભાવને નાબૂદ કરવાની હિમાયત કરી હતી.

# માછલીઓની બ્રીડિંગ સિઝનમાં માછીમારી ઉપર પ્રતિબંધ વિરૂધ્ધની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી




અમદાવાદ, તા.૧૯

માછલીઓની બ્રીડિંગ સીઝનમાં માછીમાર પ્રતિબંધ વિરૂદ્ધની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. દ્વારકાના એક અરજદાર તેમજ શ્રી ઓખા સાગરપુત્ર ફિશિંગ બોટ એસોસિયેશન, ઓખા બંદર દ્વારા એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. જે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. ગુજરાતની દરિયાઈ સીમાના ૧૨ નોટીકલ માઈલ બાદ દરિયાઈ ક્ષેત્રમાં કેન્દ્ર સરકારના અધિકારો લાગે છે. કેન્દ્રના નિયમો મુજબ દર વર્ષે ૦૧ જૂનથી ૩૧ જુલાઈ માછલીઓનો બ્રિડિંગનો સમયગાળો હોવાથી કેન્દ્રની દરિયાઈ સીમામાં માછીમારો માછીમારી કરી શકતા નથી. ગુજરાત સરકાર દ્વારા આ સમયગાળો ૦૧ જૂનથી ૧૫ ઓગસ્ટ સુધીનો છે. જ્યારે વાતાવરણની પરિસ્થિતિઓ મુજબ રાજ્યમાં માછીમારી ઉપર ૦૩ ઓગસ્ટ સુધી જ પ્રતિબંધ હતો. જેમાં કોર્ટે કહ્યું હતું કે, આ પોલીસીને લગતા નિર્ણયો છે. અરજદારે જણાવ્યું હતું કે, કોઈ બ્રિડિંગ પેટર્નમાં બદલાવ થયો હોય કે કોઈ વૈજ્ઞાનિક આંકડાઓ પ્રતિબંધ વધારવા માટે રાજ્ય પાસે નથી. હવે આ ૦૧ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટના સમયગાળામાં કેન્દ્રના વિસ્તારમાં માછીમારી કરવા પણ માછીમારોને દરિયામાં જવા દેવામાં આવતા નથી. કારણ કે, પહેલા ૧૨ નોટિકલ માઈલ સુધી ગુજરાતની દરિયાઈ જળસીમા લાગતી હોવાથી માછીમારો કેન્દ્રની જળસીમામાં જઈ જ શકતા નથી. વળી પ્રતિબંધ માછીમારી ઉપર છે, ત્યાં જવા માટે નહીં. કોર્ટે કહ્યું હતું કે, પહેલા તો તમે ગુજરાતની દરિયાઈ સીમા કૂદીને કેન્દ્રની જળસીમામાં જઈ શકો નહિ. વળી ત્યાં તમે ગુજરાતની જળ સીમામાં માછીમારી નથી કરતા તેવું જોવા કોણ જશે? રાજ્યની જળસીમામાં કેન્દ્ર હસ્તક્ષેપ કરી શકે નહીં. દરિયાઈ જળસીમા ધરાવતા દરેક રાજ્યો માટે સરખા નિયમો અને સમયગાળો હોય નહિ. કેન્દ્ર ફક્ત સલાહ આપી શકે, આ મુદ્દે સત્તા રાજ્ય સરકાર પાસે જ હોય. અરજદારે જણાવ્યું હતું કે ગેરકાયદેસર માછીમારી રોકવા ચેકિંગની વ્યવસ્થાઓ છે. અરજદારના વિસ્તારમાં ૨૭ હજાર રજિસ્ટર્ડ બોટ છે અને ૨.૫૦ લાખ કરતાં વધુ રજિસ્ટર્ડ માછીમારો લાઈસન્સ પણ ધરાવે છે. જો કે, કોર્ટે આ અરજી ફગાવી હતી.

# કેન્દ્રીય ચૂંટણી પંચે, જમ્મુ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં અને હરિયાણા વિધાનસભાની એક તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી




નવી દિલ્હી તા.૧૯

કેન્દ્રીય ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણી માટેની તારીખ જાહેર કરી છે. વિધાનસભાની ચૂંટણીનું પરિણામની તારીખ પણ જાહેર કરી છે. જમ્મુ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં મતદાન યોજવાની જાહેરાત કરાઈ છે. જ્યારે પરિણામ ૪ ઓક્ટોબરના રોજ જાહેર કરાશે. પહેલા તબક્કામાં ૧૮ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે. બીજા તબક્કાની ચૂંટણી ૨૫ સપ્ટેમ્બરના રોજ અને ત્રીજા તબક્કાની ચૂંટણી ૧ ઓક્ટોબરના રોજ યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકસભાની ચૂંટણી સમયે જમ્મુ કાશ્મીરમાં મતદાન માટે લાગેલી લાઈનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જમ્મુ કાશ્મીરના નાગરિકોએ, બુલેટ-બાયકોટને બેલેટથી નકારી દીધુ હતું. જમ્મુ કાશ્મીરમાં ૯૦ બેઠકો માટે ૧૧૮૩૮ મતદાન કેન્દ્રો હશે. જેના માટે ૮૭.૦૯ લાખ મતદારો નોંધાયા છે. જમ્મુ કાશ્મીરમાં ૩૬૦ મોડલ મતદાન મથકો બનાવવામાં આવશે. હરિયાણામાં ૯૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમા ૭૩ સામાન્ય બેઠક અને ૧૭ બેઠક અનામત બેઠક છે. હરિયાણા માટે ૨ કરોડ ૧ લાખ મતદારો નોંધાયેલા છે. ૨૦૬૨૯ મતદાન મથકો છે. શહેરી વિસ્તારમાં ૭ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ હજાર જેટલા મતદાન મથકોનો સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીરમાંથી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ, પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાશે. ૨૦૧૯માં ઓગસ્ટ મહિનામાં જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરી દેવાયાની સાથે કેન્દ્ર શાસિત પ્રદેશ પણ જાહેર કરાયો હતો. આ બાદ, જમ્મુ કાશ્મીર વિધાનસભા માટે નવું સીમાંકન હાથ ધરાયું હતું. જેમાં જમ્મુ કાશ્મીરમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સહીત પાકિસ્તાન હસ્તકના કાશ્મીર માટે પણ કેટલીક બેઠકો અનામત જાહેર કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બંધારણની કલમ ૩૭૦ અમલમાં હતી ત્યારે જમ્મુ કાશ્મીરમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે કોઈ બેઠકો અનામત નહોતી. બંધારણની કલમ ૩૭૦ અમલમાં હતી અને જમ્મુ કાશ્મીર તથા લદ્દાખ એક હતું તે સમયે, જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની કુલ ૧૧૧ બેઠકો હતી. જેમાથી જમ્મુમાં ૩૭, કાશ્મીરમાં ૪૬ અને લદ્દાખમાં ૪ બેઠક હતી. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૨૪ બેઠક હતી. હવે નવા સીમાંકન બાદ જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ બેઠકો છે. પાકિસ્તાન હસ્તકના કાશ્મીર માટે માત્ર ૨૪ સીટો આરક્ષિત છે. અહીં ચૂંટણી થઈ શકે તેમ નથી. જ્યારે લદ્દાખમાં હજુ સુધી વિધાનસભા અસ્તિત્વમાં નથી. આ રીતે કુલ ૧૧૪ બેઠકો છે. જેમાંથી ૯૦ બેઠકો માટે વિધાનસભાની ચૂંટણી યોજાશે. ક્યાં અને કેટલી બેઠકો વધી? જે વિશે જણાવીએ, જમ્મુ ક્ષેત્રમાં, સાંબા, કઠુઆ, રાજૌરી, કિશ્તવાડ, ડોડા અને ઉધમપુરમાં એક-એક બેઠક વધારવામાં આવી છે. તો બીજી તરફ, કાશ્મીર ક્ષેત્રમાં કુપવાડા જિલ્લામાં એક બેઠકનો વધારો કરવામાં આવ્યો છે. જમ્મુના સાંબામાં રામગઢ, કઠુઆમાં જસરોટા, રાજૌરીમાં થન્નામંડી, કિશ્તવાડમાં પેડર-નાગસેની, ડોડામાં ડોડા પશ્ચિમ અને ઉધમપુરમાં રામનગર નવા મતવિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે, કાશ્મીર ક્ષેત્રમાં કુપવાડા જિલ્લામાં એક બેઠકનો વધારો કરવામાં આવ્યો છે. કુપવાડામાં ત્રેહગામ નવો મતવિસ્તાર હશે. હવે કુપવાડામાં પને બદલે ૬ બેઠકો બની છે.

# ISROએ SSLV-D3 લૅન્ચ કર્યુ

નવી દિલ્હી તા.૧૯

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ને આજે વધુ એક સફળતા મળી છે. ISRO એ સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ-૦૩ લોન્ચ કર્યુ છે. SSLV-D3-EOS-08મિશન ફેબ્રુઆરી ૨૦૨૩માં સ્મોલ સેટેલાઈટ લૉન્ચ વ્હીકલ (SSLV-D2-EOS-07)ની બીજી ટેસ્ટ ફ્લાઈટના બીજા સફળ પ્રક્ષેપણને અનુસરે છે. જાન્યુઆરીમાં PSLV-C58/ XpoSat અને ફેબ્રુઆરીમાં GSLV-F14/INSAT-3DS મિશનના સફળ પ્રક્ષેપણ પછી આજનું મિશન બેંગલુરુ-મુખ્યમથકવાળી સ્પેસ એજન્સી માટે ૨૦૨૪માં ત્રીજું છે. ISROએ જણાવ્યું હતું કે SSLV-D3-EOS08મિશન –પ્રક્ષેપણ પહેલા સાડા છ કલાકનું કાઉન્ટડાઉન IST 02.47 કલાકે શરૂ થયું હતું. ISROએ જણાવ્યું હતું કે SSLV-D3-EOS-08 મિશનનો એક પ્રાથમિક ઉદ્દેશ્ય માઈક્રોસેટેલાઈટ ડિઝાઈન અને વિકાસ કરવાનો છે. તેમજ માઈક્રોસેટેલાઈટ સાથે સુસંગત પેલોડ સાધનો બનાવવા અને ભવિષ્યના ઓપરેશનલ ઉપગ્રહો માટે જરૂરી નવી તકનીકોનો સમાવેશ કરવો. આજના મિશન સાથે, ISROએ સૌથી નાના રોકેટની વિકાસલક્ષી ઉડાન પૂર્ણ કરી છે, જે ૫૦૦ કિલોગ્રામ સુધીના વજનના ઉપગ્રહોને લઈ જઈ શકે છે. અવકાશયાનનું મિશન એક વર્ષનું છે. તેનું વજન આશરે ૧૭૫.૫ કિગ્રા છે. તે લગભગ ૪૨૦ વોટ પાવર જનરેટ કરે છે. ISROએ જણાવ્યું હતું કે SSLV-D3/ IBL-358 લોન્ચ વ્હીકલ સાથે સેટેલાઈટ ઈન્ટરફેસ છે. પ્રથમ પેલોડ, EOIR, મિડ-વેવ IR (MIR) અને લોન્ગ-વેવ IR (LWIR) બેન્ડમાં, દિવસ અને રાત બંનેમાં છબીઓ મેળવવા માટે રચાયેલ છે. તેનો ઉપયોગ ઉપગ્રહ-આધારિત મોનિટરિંગ, ડિઝાસ્ટર મોનિટરિંગ, પર્યાવરણીય દેખરેખ, અગ્નિ શોધ, જ્વાળામુખી પ્રવૃત્તિ નિરીક્ષણ અને ઔદ્યોગિક અને વીજળી આપત્તિ નિરીક્ષણ જેવા કાર્યક્રમો માટે થાય છે. બીજું GNSS-R પેલોડ, દરિયાની સપાટીના પવનનું વિશ્લેષણ, જમીનની ભેજનું મૂલ્યાંકન, હિમાલયના પ્રદેશમાં ક્રાયોસ્ફિયર અભ્યાસ, પૂરની શોધ અને આંતરિક જળાશયની શોધ જેવી એપ્લિકેશન માટે GNSS-R-આધારિત રિમોટ સેન્સિંગનો ઉપયોગ કરવાની ક્ષમતા તે દર્શાવે છે.

# બહાઉદ્દીન કોલેજ ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૯

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ,જૂનાગઢ ખાતે સંસ્કૃત વિભાગ દ્વારા કોલેજ ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવનાં ઉદ્ઘાટન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે જે.એમ.પાનેરા કોલેજ, માણાવદરનાં આચાર્યશ્રી તથા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીની સંસ્કૃત બોર્ડ ઓફ સ્ટડીનાં અધ્યક્ષ એવા ડો. મહેશ કે. મેતરા સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં.કાર્યક્રમ અંતર્ગત થવા વાળી સ્પર્ધાનાં નિર્ણાયકશ્રી તરીકે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં સંસ્કૃત અનુસ્નાતક કેન્દ્રનાં પ્રાધ્યાપકશ્રી ડો.અજય મહેતા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યાતિથીશ્રી દ્વારા પોતાનાં ઉદબોધનમાં ખૂબ જ વિસ્તારપૂર્વક સંસ્કૃત ભાષાનાં મહત્વ અને વિશેષતાઓ વિષે વિદ્યાર્થીઓને જણાવામાં આવ્યું હતું. ત્યાર બાદ કોલેજનાં આચાર્યશ્રી દ્વારા પણ આ તકે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનાં ગૌરવપૂર્ણ વારસા વિષે પ્રેરક સંદેશ આપવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન બાદ આ કાર્યક્રમ અંતર્ગત વકૃત્વ સ્પર્ધા તથા શ્લોક ગાયન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત ૨૦ જેટલાં વિદ્યાર્થીઓએ આ બન્ને સ્પર્ધાઓમાં ભાગ લિધો હતો. સમગ્ર કાર્યક્રમ કોલેજનાં આચાર્યશ્રી ડો.પી. વી. બારસીયા સાહેબના માર્ગદર્શન તથા સ્ટાફના સહકારથી સુચારું રૂપે પૂર્ણ થયો હતો, તથા આચાર્યશ્રી દ્વારા સંસ્કૃત વિભાગને સફળ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ

## રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન, કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિર અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ સોમનાથ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી આઝાદી દિવસની ઉજવણી કરાઈ : મા ખોડલને વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

૧૫મી ઓગસ્ટના દિવસે દેશભરમાં ૭૮ મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રને સમર્પિત એવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા સ્વતંત્રતા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સ્વતંત્રતા પર્વ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના મુખ્ય કાર્યાલય એટલે કે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે તથા કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિર ખાતે અને વેરાવળ સોમનાથ સ્થિત શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ૧૫મી ઓગસ્ટના દિવસે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિત્તે સવારે ૮ કલાકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની એડવાઈઝરી કમિટીના સભ્ય રમેશભાઈ પટેલ અને નારણભાઈ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથના ટ્રસ્ટીઓ, કન્વીનરઓ, વિવિધ સમિતિઓના સભ્યો, ફેકલ્ટીઓ, સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**સ્વતંત્રતા પર્વે મા ખોડલને વિશેષ શણગાર**

વિશ્વનું સૌપ્રથમ એવું મંદિર જેના પ્રવેશદ્વાર ઉપર રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યો છે તેવા શ્રી ખોડલધામ મંદિરમાં રાષ્ટ્રીય પર્વોની પણ હર્ષભેર ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે આજ રોજ સ્વતંત્રતા પર્વ નિમિત્તે શ્રી ખોડલધામ મંદિરમાં બિરાજમાન મા ખોડલના વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યા હતા. મા ખોડલને કેસરી, સફેદ અને લીલા ફૂલોમાંથી બનેલો હાર અર્પણ કરવામાં આવ્યો હતો. સાથે જ મા ખોડલની મૂર્તિ પાસે થતાં ફૂલોના શણગારમાં ફૂલોથી તિરંગો



બનાવવામાં આવ્યો હતો. સવારથી જ ભક્તો મા ખોડલના આ વિશિષ્ટ શણગારના દર્શનનો લ્હાવો લીધો હતો. ૭૮મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સવારે શ્રી ખોડલધામ મંદિર ખાતે મંદિરના સ્ટાફગણ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપવામાં આવી હતી અને રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.આજ રીતેશ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ સંચાલિત વેરાવળ સોમનાથ સ્થિત શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન ખાતે પણ સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ટ્રસ્ટીશ્રીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિસાવદર પોલીસ સ્ટેશનના અનેક અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરનાર મહિલા પીએસઆઈની બદલી

## મહિલા પીએસઆઇ સલમા સુમરાને ભવ્ય વિદાયમાન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૯

વિસાવદર પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષ જેટલા સમયના અનેક ડીટેકટ ગુનાઓ પોતાની સૂઝબૂઝ તથા કુનેહપૂર્વક ડીટેકટ કરી ગુનેગારોમાં સતત ફફડાટ ફેલાવનાર મહિલા પોલીસ અધિકારી સલમાં સુમરાની માળિયા હાટીના ખાતે સ્વતંત્ર પોલીસ સ્ટેશનમાં બદલી થતા તેમને ભવ્ય વિદાયમાન પોલીસ સ્ટાફ તથા ગામના લોકો અને જુદી જુદી સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ હતું. વિસાવદર પોલીસ સ્ટેશનમાં તેમના ફરજ કાળ દરમ્યાન અજાણ્યા કાર ચાલક દ્વારા અકસ્માત કરી નાસિજનાર આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી કાર્યવાહી કરેલ આ ઉપરાંત અનેક દારૂ જુગારની રેઈડો કરેલ અને મહિલાઓને દીકરીઓને હેરાન પરેશાન કરતા અનેક લૂખા તત્વોને કોઈપણ જાતની શેહ શરમ કે દબાણ વિના પકડી પાડી ગુનેગારોને ગુના કરતા અટકાવેલ ઉપરાંત ખુબજ અગત્યના કેસમાં પ્રેમપરા ગામમાં પત્નીની હત્યા કરી લાશને દૂર લઈ જઈ દાટી દીધેલ ત્યારબાદ તેમના સસરા મળવા આવતા આરોપીએ ગોળ ગોળ જવાબ આપેલ ત્યારબાદ પોલીસને જાણ કરતા અને આરોપી શંકાના દાયરામાં આવતા તેમની આગવી ઢબે પૂછપરછ કરતા આરોપીએ શરૂઆત માં મચક આપેલ નહીં અને પોલીસને પણ ઉંધી થિયરી બતાવતો હોય જેની તપાસ મળતા તુરત જ આરોપીને કડક તપાસ કરી પૂછપરછ કરતા આરોપી ભાંગી પડેલ અને પોતાની પત્નીની હત્યા કરી લાશ દાટી દીધેલ હોવાની કબૂલાત કરેલ અને ગુનો ડીટેકટ થતા અનેક વખત ઉચ્ચ અધિકારીઓ દ્વારા અભિનંદન આપવામાં આવેલ તેવા જામબાજ અધિકારીની બદલી તેમને વિવિધ વર્ગ દ્વારા શુભેચ્છાઓ સાથે ભવ્ય વિદાય આપવામાં આવેલ હતી.

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોને એક જ મોબાઈલ નંબર ૨ થી વધુ ખેડૂતો દ્વારા ઉપયોગ કરેલ હોય તે અપડેટ કરવા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોને જણાવવાનું કે પ્રધાનમંત્રી કિસાન ડેટાબેઝમાં કેપ્ચર કરાયેલા ડેટાની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને એવું નક્કી કરવામાં આવ્યું છે કે એક જ મોબાઈલ નંબર ધરાવતા માત્ર ૨ ખેડૂતોને જ મંજૂરી આપવામાં આવશે અને એક જ મોબાઈલ નંબર સાથે નોંધાયેલા બે થી વધુ ખેડૂતોને ૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં તેમના મોબાઈલ નંબર અપડેટ કરવાના રહેશે બે થી વધુ મોબાઈલ નંબર ધરાવતા અને અપડેટ નહીં કરેલા ખેડૂતની સહાય બંધ કરવામાં આવશે. જેથી જે ખેડૂતોના મોબાઈલ નંબર બે થી વધુ ખેડૂતોએ ઉપયોગ કરેલ છે તે https://pmkisan.gov.in વેબસાઈટ ઉપર Farmers croner >> Mobile number update મેનુમાં જઈ અપડેટ કરી શકાશે. તેમજ આપના ગામના વિલેજ મોડલ ઓફિસર (VNO) મારફત પણ અપડેટ કરાવી શકાશે. જેથી ખેડૂતોને મળતો લાભ નિરંતર મળતો રહે. વધુ માહિતી માટે આપના ગામના તલાટી કમ મંત્રી, ગ્રામ સેવક અને કિસાન કોલ સેન્ટર નં ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ સંપર્ક કરવો તેમ જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# માંગરોળ બાયપાસ પોરબંદર રોડ ઉપર બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

## મકતુપુરના બાઈક ચાલક યુવકના બંને પગ કપાઈ ગયા : સારવાર દરમ્યાન યુવકનું મોત



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૧૯

જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે બાયપાસ પોરબંદર રોડ ટેલીફોન એકસચેન્જ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં માંગરોળ મકતુપુર ગામના રબારી યુવક ટ્રક નિચે આવી જતા બંને પગ કપાઈ ગયા હતા. જેને લઈને શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ શુક્રવારે મોડી સાંજે માંગરોળના બાયપાસ પોરબંદર રોડ ઉપર ટેલીફોન એક્સચેન્જ પાસે મકતુપુરના રબારી યુવક જગદીશ બાબુભાઈ સોલંકી (ઉ. વ. ૩૦)બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જેમા જગદીશભાઈ ના બંને પગ ટ્રકના ટાયર નીચે આવી જતાં બંને પગ કપાઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ જગદીશભાઈ ને માંગરોળ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવેલ. ઉપસ્થિત તબીબે પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક અસરથી રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. ટ્રક ચાલક પોરબંદર નો હોવાનું જાણવા મળે છે. હાલ જાણવા મળતી વિગત મુજબ યુવકનું સારવાર દરમિયાન મોત નિપજયું છે. આ બાબતે માંગરોળ પોલીસ તપાસ હાથ ધરી છે.

# ૭૮ માં સ્વાતંત્ર પર્વ નિમિત્તો પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ દ્વારા ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ૭૮માં સ્વાતંત્ર દિવસ ૧૫ મી ઓગસ્ટ ને સંસ્થાની અંધ દીકરીઓ દ્વારા રાષ્ટ્રગાન સાથે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.



પ્રજ્ઞાચક્ષુ બહેનો એ દેશની સ્વતંત્રતાની યાદને તાજી કરી જુદા જુદા દેશભકિત ગીતો ગાઈને શહીદ વીરોના બલિદાન નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી પોતાનો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેને. ટ્રસ્ટી મુકેશગીરી એસ. મેઘનાથી તથા પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ ટ્રસ્ટીઓ બટુકબાપુ, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર તેમજ કમલેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગમાં સોનામાં સુગંધ ભળે તે રીતે ખુશીથી અંધ છાત્રાલયની દરેક દીકરીઓને ડ્રેસ અર્પણ કરવા અર્થે દાતા યોગેશભાઈ નાગર - મુંબઈ હસ્તે જીતુભાઈ નાગર તથા જીજ્ઞાશાબેન નાગર ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં સંસ્થાના પ્રમુખ અને સેવાના પર્યાય એવા જૂનાગઢના સૌના લાડીલા મનસુખભાઈ વાજાનો રક્ત ભારોભાર રક્તતુલ્લાનો કાર્યક્રમ જૂનાગઢની જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ દ્વારા આગામી તારીખ ૨૩ ઓગસ્ટ ના રોજ યોજાનાર હોય, જેમાં વધુને વધુ લોકો રક્તદાન કરે તેવી નમ્ર અપીલ કરવામાં આવે છે. આ સ્વાતંત્ર પર્વને સફળ બનાવવા માટે પ્રવીણભાઈ જોશી, ઉષાબેન મનસુખભાઈ વાજા, ચંપકભાઈ જેઠવા, મનોજભાઈ સાવલિયા તથા કમલેશભાઈ ટાંક દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# શું અરબી સમુદ્રમાં માછલીના બદલે ડ્રગ્સ નું પ્રજનન ચાલુ થયેલ છે ?

## અરબી સમુદ્રમાં મોન્સુન સીઝનના કારણે માછીમારી બંધ છે છતાં કિનારા પરથી ડ્રગ્સ પકડાય છે!?

## રાજયના સાગર કિનારા પરથી છેલ્લા બે મહીનામાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ બિનવારસુ મળી આવેલ છે તે શુ સંકેત આપે છે?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૯

દેશ ના પશ્ચિમ વિભાગ ના અરબી સમુદ્ર માટે આઈ.એમ.એસ. (ઈન્ડિયન મેટ્રોલોજીકલ સ્ટેશન) દ્વારા દેશ મા મોન્સુન સીઝન દર વર્ષે ૧૫ મી મે થી ૧૫ મી સપ્ટેમ્બર સુધીના સમય માટે જાહેર કરવામાં આવેલ છે અને દેશ ની કુદરતી રચના અને જિયોગ્રાફીક પરિસ્થિતિ મુજબ દેશ માં સૌથી લાંબો દિવસ ૨૨ મી જૂન ગણાય છે જે કારણે અરબી સમુદ્ર માં ઉનાળા ની ગરમી ના કારણે બનતા વરસાદ ના વાદળો અરબી સમુદ્ર માંથી સમગ્ર દેશ માં વરસાદ લાવતા હોય અને આ સમય અરબી સમુદ્ર મા માછલી નો બ્રીડિંગ (પ્રજનન) સમય હોય જે કારણે અરબી સમુદ્ર આ સમય દરમિયાન મચ્છીમારી કરવા ના કારણે ભવિષ્ય મા માછલીઓ ની સૃષ્ટી જ નાશ પામે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન ના થાય અને તે સાથે આ સમય દરમિયાન અરબી સમુદ્ર તોફાની રહેતો હોય આઈ.એમ.એસ. દ્વારા આ મોન્સુન સીઝન દરમિયાન અરબી સમુદ્ર મા મચ્છીમારી પ્રવૃત્તિ કરવા પર પ્રતિબંધ લગાવેલ છે. જે નિયમો અંતરગત કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ તેનો અમલ કરવા કરાવવા માટે કાયદાકીય રીતે જવાબદાર ગણાય છે. જે મુજબ રાજ્ય નું મત્સ્યોધોગ ખાતું તેનો અમલ કરે છે. જે મુજબ છેલ્લા ત્રણ મહિના થી અરબી સમુદ્ર માં મચ્છીમારી બંધ છે અને મચ્છીમારી બોટો કે જે ભારત પાકિસ્તાન ની જલ સરહદીય સીમા આઈ.બી.એલ.( ઈન્ટરનેશનલ બાઉન્ડરી લાઈન) પર જતા નથી જે કારણે અરબી સમુદ્ર મા અને તેમાં પણ ભારત પાક ને અરબી સમુદ્ર ના પાણી ના ગેટ વે ગણાતા કચ્છ ના અખાત મા ૧૫ મી સપ્ટેમ્બર થી ૧૫ મી મે સુધી ના મચ્છીમારી સમય દરમિયાન આંતરારાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ ઈન્ટરનેશનલ મેરી ટાઈમ લો નો લાભ લઈ પાકિસ્તાન,ઈરાન ના આડ બંદરો પરથી છેલ્લા ઘણા વર્ષો થી પ્રતિબંધિત ડ્રગ્સ ની હરાફેરી વ્યવસ્થિત આયોજનબધ્ધ કરે છે અને અવાર નવાર કરોડો રૂપિયાની કિંમત નું ડ્રગ્સ પકડાય છે. જે જગ જાહેર અને સરકારી રેકર્ડ પર નોંધાયેલ હકીકતો છે.

પરતું આ આંતરારાષ્ટ્રીય ડ્રગ્સ ની હેરાફેરી નસ ઈતિહાસ મા સૌ પ્રથમ વખત અરબી સમુદ્ર માં મોન્સુન સીઝન ના કારણે મચ્છીમારી બંધ હોવા છતાં સૌરાષ્ટ્ર ગુજરાત ના સમુદ્ર કિનારા પર થી છેલ્લા બે મહીના દરમિયાન આશરે ૧૫૦ થી વધુ કિંમત નું ડ્રગ્સ કિનારા પર થી બિનવારસુ મળી આવેલ છે.

ત્યારે મળી ના આવેલ અને લેન્ડિંગ થયેલ મનાતું ડ્રગ્સ કેટલું આવ્યું હશે તે તો મોકલનાર અને સફળતા પૂર્વક પાસ ઓન કરનારા જ જાણતા હશે.

ત્યારે અહીં પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે જો મચ્છીમારી બંધ હતી ત્યારે પણ આંતરારાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ સક્રીય રહી દેશદ્રોહી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા ત્યારે હવે તો મચ્છીમારી સીઝન ૧૫ મી ઓગસ્ટ થી ચાલુ થયેલ છે ત્યારે આવનારા દિવસો માં આ પ્રવૃત્તિ મોટા પાયે શરુ થશે જે તંત્ર માટે મોટા પડકાર રૂપ રહેશે કારણ કે મચ્છીમારી ની બંધ સીઝન માં સમુદ્ર માં ચાલતી માળવાહક જાહજો ને ટ્રેકિંગ કરવામાં ઓછી સંખ્યા ને કારણે નેવી,કોસ્ટગાર્ડ ને અનુકૂળતા રહે છે જ્યારે હજ્જારો ની સંખ્યામાં કચ્છ ના આખાત માથી ભારત પાક જલ સીમા આઈ.બી.એલ પર જતા મચ્છીમારો માથી દેશદ્રોહીઓ ને ટ્રેક કરવાની કામગીરી અશક્ય જેવી બની જાય છે.

ત્યારે ફકત ઈન્ટરનેશનલ ઈનપુટ અને સ્થાનિક ઈન્ફોર્મર (માહીતગારો) ને આધારે જ તંત્ર એ કામગીરી કરવાની હોય તેમની સફળતા બહુ ઓછી રહેતી હોય છતાં પણ તેમની સતર્કતા દ્વારા અવાર નવાર કરોડો રૂપિયા નું ડ્રગ્સ લાવતી બોટો ને પકડી પાડવામાં આવે છે.જે માટે તંત્ર ધન્યવાદ ને પાત્ર છે. ત્યારે છેલ્લા ત્રણ ચાર વર્ષ દરમિયાન દર વર્ષે હજારો કરોડ નું ડ્રગ્સ પકડાયેલ છે અને તેમના આંતરારાષ્ટ્રીય આકાઓ ની વિગતો તંત્ર મળેલ છે છતાં પણ આ વર્ષે ભૂતકાળ ની ઘટાનાઓ મુજબ ચાલુ વર્ષે પણ તેનું પુનઃરાવર્તન થશે તે આ છેલ્લા બે મહિના દરમિયાન બનેલ ઘટનાઓ ના કારણે શંકાસ્પદ બને છે.

# જૂનાગઢનાં ત્રણ કલારત્નોને સ્વત્રંતા પર્વે સંગીત ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન બદલ સન્માનીત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

ગત તારિખ ૧૫, ઓગસ્ટ જૂનાગઢ ખાતે ૭૮ માં સ્વત્રાંતા પર્વની ઉજવણી યોજાયેલ આ અવસરે ગુજરત રાજયના કેબિનેટ મંત્રીમાં રાઘવજીભાઇ પટેલનાં વરદ હસ્તે વિવિધ ક્ષેત્રનાં કલાકારો, રમત ગમત, આરોગ્ય, પોલીસ જવાનો, જેવા વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે પ્રસિદ્ધિ લોક ગાયક રાજુ ભટ્ટ, જાણીતાં લોક ગાયકા નીરૂ દવે અને સુગમ સંગીત ક્ષેત્રે જાણીતા ગાયક દર્પીત દવે ને રાજ્ય સરકાર તરફથી મંત્રી રાઘવજીભાઇ અને યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા "કલા રત્ન" સન્માન પત્ર અને સિલ્ડ અર્પણ કરાયા આ તકે જૂનાગઢ કલેકટર સાંસદ રાજેશભાઇ ચુડાસમા જીલ્લાના ધારાસભ્યઓ વીવધ રાજકીય આગેવાનો અને વિશાળ સંખ્યામાં મહાનગરનાં નગરજનો ઉપસ્થીત રહેલા, આ સિદ્ધિ બદલ જિલ્લાના યુવા વિકાસ અધિકારી એન.ડી. વાળા તથા અખિલ ભારતીય કલા સંસ્થા સંસ્કાર ભારતીના પ્રાંત સંગીત સંયોજક અને જાણીતાં સંગીતકાર વિપુલ ત્રિવેદી, જાણીતાં હાસ્ય કલાકાર જીતુભાઇ દ્વારકાવાળા અને વિવિદ્ય ક્ષેત્રેનાં કલાકારો દ્વારા સન્માનીત કલાકારોને અભીનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ : નીટની પરીક્ષામાં ઓછા માર્કસ આવતા યુવતીએ ૧૩માં માળેથી ઝંપલાવી મોત મીઠુ કર્યુ

## બે વખત નીટની પરીક્ષા આપવા છતાં નિષ્ફળતા મળતા કોલેજીયન યુવતીએ અંતિમ પગલુ ભર્યુ : પરિવારજનોમાં કાળો કલ્પાંત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં રહેતી યુવતીએ નીટની પરીક્ષામાં ઓછા માર્કસ આવતા ડીપ્રેશનમાં આવી ૧૩માં માળેથી કુદકો મારી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે જીતેશભાઈ આલજીભાઈ વાઘેલા રહે. મધુરમ વિસ્તાર, શ્રીનગર સોસાયટી, બ્લોક નં. ૯૬, જૂનાગઢએ જાહેર કરેલ કે તેમની મૃતક પુત્ર વૃતી (ઉ.વ.૧૮)એ જનાર ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ બાદ મેડિકલ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે બે વાર નીટની પરીક્ષા આપેલ જેમાં માર્ક ઓછા આવતા મેડિકલ અભ્યાસમાં પ્રવેશ નહીં મળતા ટેન્શન / ડીપ્રેશનમાં આવી ગઈ હતી અને પોતાની મેળે બાલાજી હેરીટેજ ડી વીંગના એપાર્ટમેન્ટના ૧૩ માં માળેથી કુદકો મારી નીચે પડી જઈ માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજયાનું જાહેર કરતા સી ડીવીઝનનાં પીએસઆઈ આર.પી. વણઝારાએ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વધુ વિગતો અનુસાર કોલેજમાં અભ્યાસ કરતી સાયન્સની આશાસ્પદ વિદ્યાર્થીનીએ મેડીકલ કોલેજમાં નીટની પરીક્ષામાં જરૂરી માર્ક ન મળતા હતાશ થયેલ યુવતીએ પોતાના જન્મ દિનના દિવસેજ જન્મ દિનની ઉજવણી પૂર્ણ કરી આઈસ્ક્રીમ લેવા જવાના બહાને ઘરેથી નીકળી બાજુમાં આવેલ બિલ્ડીંગના ૧૩માં માળેથી મોતની છલાંગ લગાવી દેતા અરેરાટી વ્યાપી જવા પામી હતી.

જૂનાગઢ મધુરમ વિસ્તારના શ્રીનગર સોસાયટીમાં રહેતી વૃતિ જીગ્નેશભાઈ વાઘેલા (ઉ.૧૮) નામની યુવતીનો તા.૧૭/૮/૨૦૨૪ના જન્મ દિન હોય ૧૮ વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં પરિવારજનો સાથે ખુશી મનાવી રહી હતી બાદ આઈસ્ક્રીમ લેવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ઘરે પરત નહીં ફરતા પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો.આજુબાજુમાં શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ યુવતીનો કોઈ જ પત્તો લાગ્યો ન હતો. યુવતી પોતાના ઘરની નજીકના બાલાજી હાઈટસ નામની ૧૩ માળની બિલ્ડીંગની અગાસી ઉપર ચડી ગઈ હતી અને મોડી રાત્રીના ૧૩માં માળેથી છલાંગ લગાવી દેતા મોટો અવાજ આવ્યો હતો. સ્થાનિક રહીશોએ બહાર નીકળી કંઈક અજુગતું બન્યાનું માની તપાસ કરતા યુવતી લોહીલોહાણ હાલતમાં નીચે મૃત હાલતમાં પડી હતી.

જેની સી ડીવીઝન પોલીસમાં જાણ કરાતા ડીવાયએસપી ધાંધલ્યા સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. વૃતિ વાઘેલાએ ૧૨ ધોરણ બાદ બે વખત નીટની પરીક્ષા આપી હતી. પરંતુ બંનેવાર જરૂરી સ્કોર નહીં મળતા મેડીકલમાં પ્રવેશ નહીં મળવાના કારણે મનોમન લાગી આવતા આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી

## ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના ગીતોનો ગુંજારવ ગુંજી ઉઠ્યો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે રક્ષાબંધન પર્વની ખુબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને ઠેર-ઠેર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શ્રાવણ સુદ-૧૫(પુનમ)ના પવિત્ર દિવસને બળેવ અથવા રક્ષાબંધન તરીકે ઓળખવામાં આવે છે. આજે બહેન પોતાના લાડકા વીરાને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી અને રક્ષા પોટલી એટલે રાખડી બાંધ છે. આજે રક્ષાબંધનના તહેવારની ઉજવણી પ્રસંગે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે હિન્દુ ધર્મ અને શાસ્ત્રોકત વિધી અનુસાર રક્ષાબંધન પર્વની ઉજવણી થઈ રહી છે. પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળે છે. જયારે વિવિધ સામાજીક, સેવાકીય સંસ્થાઓ મંડળો દ્વારા પણ રક્ષાબંધન પર્વની ઉજવણી થઈ રહી છે.

**યજ્ઞો પવિત**

આજે બળેવ પર્વ પ્રસંગે યજ્ઞો પવિત બદલાવવાની વિધી પણ શાસ્ત્રોકત અનુસાર બ્રહ્મ દેવો, ક્ષત્રીયો, રઘુવંશી સમાજ, સંતો અને જનોઈ ધારણ કરનાર દ્વારા જનોઈ બદલવાની વિધી ભાવભેર કરવામાં આવી છે.

# જૂનાગઢમાં સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે પૂનમની ભકિતભાવ પૂર્વક ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વાનિારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. પવિત્ર શ્રાવણ માસ અને સોમવારનો દિવસ અને સાથે રક્ષાબંધન પર્વ આમ ત્રિવીધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે બિરાજમાન મહાપ્રતાપી સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવોની વિશેષ પૂજા, ધ્વજારોહણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે પૂનમ હોવાથી પૂનમ હોવાથી પૂનમ ભરતા ભાવિકો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. હરીભકતો દુર દુરથી દર્શનાર્થે આવ્યા હતા. પૂર્વ ચેરમેન દેવનંદન સ્વામિ, ચેરમેન પુરૂષોતમ પ્રકાશદાસજી(પીપી સ્વામી), મુખ્ય કોઠારી શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી અને સંતોના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ૯૦માં ATM લગ્ન (આદર્શ લગ્ન) યોજાયા





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢની અખંડ સેવાની જ્યોત સંસ્થા એટલે સત્યમ સેવા યુવક મંડળ. આ સંસ્થા દ્વારા તા.૧૬-૮-૨૪ના રોજ જૂનાગઢ ખાતે અંબિકા ચોક, સુશીલાબેન છોટાલાલ શાહના હોલમાં, માણાવદરની કુંભાર જ્ઞાતિની દીકરી કુ. માનસી ધીરૂભાઈ વાડોલીયાના ATM-લગ્ન(આદર્શ લગ્ન ) યોજાયા હતા. અમેરિકા સ્થિત દાતા નયનભાઈ કારાવદરા હસ્તે જ્યોતિબેન દેવાભાઈ કેશવાલા તરફથી આ દીકરીને કરિયાવરમાં સેટી પલંગ, ગાદલુ, ડ્રેસિંગ ટેબલ, ટીપોઈ તેમજ અન્ય દાતાઓ સાથે સંસ્થા તરફથી કુલ ૭૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં આપી કુ. માનસીને ખૂબ જ ધામધૂમથી અને રંગેચંગે સાસરે વળાવીને પુણ્યનું કાર્ય કર્યુ હતું. બધા જ દાનમાં કન્યાદાન ઉત્તમદાન છે એવું આજે પુરવાર થયું હતું. નવદંપતીને જ્યોતિબેન દેવાભાઈ કેશવાલા, દયાબેન માણેક, ચેતનાબેન મિશ્રાણી, કાજલબેન લાખાણી, કિશોરભાઈ ચોટલીયા, બટુક બાપુ, દીપલભાઈ રૂપારેલ, જીતુભાઈ નાગર, બીપીનભાઈ ભટ્ટી, રાજેશભાઈ ચુડાસમા વિગેરે એ આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, જ્યોત્સનાબેન જેઠવા, રેવતુભા જાડેજા, સરોજબેન જોશી, મનોજભાઈ સાવલિયા અને કમલેશભાઈ ટાંક દ્વારા જહેમત ઉઠાવી હતી. આ લગ્નની વિધિ શાસ્ત્રી ગોપાલકૃષ્ણ જોશી દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવી હતી.

# બ્રહ્માકુમારીજ જૂનાગઢ દ્વારા સદગુણોની ધારણા અને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા દ્વારા રક્ષાબંધન પવિત્રતા સપ્તાહની ભવ્ય ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર જૂનાગઢ દ્વારા રક્ષાબંધન પવિત્રતા સપ્તાહ મનાવવામાં આવે છે. જેના અંતર્ગત વિવિધ એસોસિયન, મંડળ, કચેરીઓ, સ્કૂલોમાં અલૌકિક રક્ષાબંધનનો કાર્યક્રમ ઉજવવામાં આવે છે. તિલક સાથે પવિત્ર રક્ષાબંધન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી દમયંતી દીદી અને બીના બેને શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે આમ જનરલ બહેનો જ્યારે ભાઈઓને રાખડી બાંધે છે તો ભાઈ તેના ખર્ચ પેટે ભેટ સોગાત પૈસા આપે છે. અમો બ્રહ્માકુમારી બહેનો આ પવિત્ર પ્રેમના પ્રતિક અલૌકિક રક્ષાબંધન નિમિત્તે કોઈ ભેટ સોગાત સ્વીકારતા નથી.

પરંતુ અમો પાંચ ખોટા પૈસા દુર્ગુણો અને વ્યસન વિકારોનું દાન પ્રતિજ્ઞા રૂપે લઈએ છીએ આ તકે તમામ અધિકારીગણને કોઈને કોઈ ગુણોની ધારણાની દ્રઢ પ્રતિજ્ઞા જેમકે હું જીવનમાં કોઈપણ સંજોગોમાં મારી ઈમાનદારી પ્રમાણિકતા સત્યતા નહીં છોડું, વ્યસનમુક્તિની દ્રઢ પ્રતિજ્ઞા લેવડાવી હતી. આમતો કોઈપણ મનુષ્ય આત્માને બંધન ગમતું નથી, પરંતુ આ પવિત્ર રક્ષાબંધન ભાઈ હોંશે હોંશે બંધાવે છે, વાસ્તવમાં રક્ષાબંધનનો આધ્યાત્મિક અર્થ બતાવતા કહ્યું હતું કે સ્વંય વિશ્વ રક્ષક પરમપિતા આપણે સહુ આત્માઓને પવિત્રતા અર્થાત બ્રહ્મચર્યના બંધનમાં બાંધે છે જેનાથી આપણી વ્યસનવિકારોથી રક્ષા થાય છે. વ્યસન વિકારોની ગુલામીમાંથી મુક્તિ એ સાચી સ્વતંત્રતા છે.

# જૂનાગઢ જીલ્લામાં જુગારીઓ પર પોલીસે ઘોસ બોલાવી : અલગ અલગ દરોડામાં ૩૫ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ સહિત જીલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ ગઈકાલે પોલીસે અલગ અલગ દરોડાઓમાં ૩૫ જેટલા જુગારીઓને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મજેવડી ગામની સીમમાંથી નરસિંહ મયુરભાઈ ઢોલરીયા, વસંત મોહનભાઈ ગજેરા, રાવજી લાલજી પાનસુરીયા, વિજય મોહનભાઈ વાગડીયા, ઉમેશ મનસુખભાઈ રાઠોડ, મનસુખ લાખાભાઈ મેરવડા, કેયુર બટુક રામાણીને રોન પોલીસ નામનો જુગાર રમતા રોકડ ૭૭૪૭૦, ૫ મોબાઈલ, ૫ બાઈક મળી કુલ ૧,૮૩,૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે. જયારે ભેસાણ પોલીસે વિશળ હડમતીયા ગામની સીમમાંથી કૌશીક કેશવ વણપરીયા, યોગેશ નંદલાલ રૂપાપરા, અતુલ કેશવ રૂપાપરા, હરસુખ છગનભાઈ વણપરીયા, રાજેશ શામજી સાવલીયા, વિપુલ ધીરૂભાઈ ભડેલીયા, જયેશ બાબુભાઈ માલવીયા, રમણીક બચુભાઈ ભંડેલીયાને રોન પોલીસ નામનો જુગાર રમતા રૂા.૧૮૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. મેંદરડા પોલીસે ચિરોડા ગામેથી જાહેરમાં જુગાર રમતા સુધીર આણંદભાઈ ગીડા, જયસુખ દેવાભાઈ પરમાર, સતીષ ડાયાભાઈ ગીડા, ચીનાભાઈ હાદાભાઈ પરમાર, પ્રકાશ લાલજી સોલંકી, કાળુભાઈ ઉર્ફે રવી રમેશભાઈ સોલંકીને ૩૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ મેંદરડા પોલીસે અંબાળા ગામેથી જાહેરમાં જુગાર રમતા મુસ્તાક ઉર્ફે મુસો મામદ મોરી, લાલજી કાનજી કટારીયા, બાબુ મુળજી મકવાણા, હનીફ કાળુ રાઠોડ, શિવરાજ ઉર્ફે શીવો બાબુ ગીડાને ૧૧૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે જયારે અલ્પેશ ભોવાન ભરવાડ, મયુર ઉર્ફે કાદુ ખુંટ, હાર્દિક બાવાજી, પ્રકાશ વજુ વાળા નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અને ચોરવાડ પોલીસે ખોરાસા ગામેથી જાહેરમાં જુગાર રમતા રામજી કડવાભાઈ ચુડાસમા, વિનોદ ઉર્ફે વડી ખીમાભાઈ મોકરીયા, આશીસ મનાભાઈ ચુડાસમા, દિપક હરસુખભાઈ સેવરા, અમીત કિશનભાઈ સોલંકીને ૧૮૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

**ચોરવાડના ભોલર વાડી વિસ્તારમાં ઈલેક્ટ્રીક શોક લાગતા બાળકનું મોત**

આ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે હમીરભાઈ જુઠાભાઈ ચુડાસમાએ જાહેર કરેલ કે પોતાના ૭ વર્ષીય પુત્ર ધવલભાઈને કોઈ કારણોસર ઈલેક્ટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

**ભુલથી ઝેરી દવાવાળા ગ્લાસમાં પાણી પી લેતા મોત**

સરસળ ગામે રહેતા સોનાલીબેન જયંતીભાઈ રૂદાતલા(ઉ.વ.૧૮)વાળીએ ઝેરી દવાવાળા ગ્લાસમાં પાણી પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના પિતાએ વિસાવદર પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

**ઝેરી ટીકડા પીતા મોત**

નાગલપુર ગામે રહેતા હાજાભાઈ બાબુભાઈ કાંબલીયા (ઉ.વ.૬૦)એ જીંદગીથી કંટાળી પોતાની મેળે ઘઉંના ઝેરી ટીકડા પી જતા મોત નિપજતા મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

ડુપલેક્ષ ટેનામેન્ટ વેચવાનું છે
૬૫ વાર, સેમી ફર્નિશ્ડ
૧,મુરલીધર સોસાયટી,જોષીપુરા
8238075648
9376602412

# જૂનાગઢ ખાતે દેશ ભક્તિ ગીત રજુ કરીને ૧૫ ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

IADVL GSB (ડર્મોટોલોજિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાત) અને સ્વપ્ન યુવા વિકાસ મંડળ દ્વારા ૧૫મી ઓગસ્ટ (સ્વતંત્રતા દિવસ) ની ઉજવણી જૂનાગઢ ખાતે દેશ ભક્તિ ગીત રજુ કરીને કરવા માં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વપ્ન યુવા વિકાસના યુવા કલાકારો હર્ષદ વાજા, સાક્ષી દવે, અંકિત ખાણધર, રશ્મી વ્યાસ, પરમારભાઈ અને નિશાંત ઝાલાએ પોતાની કલા રજુ કરી હતી. ડો. પિયુષ બોરખતરીયા (એમ. ડી. ડર્મોટોલોજિસ્ટ, એસ્થે કાયા કલ્પ ક્લીનીક, જૂનાગઢ) અને નીતિનભાઈ મશરૂ (ધ બેકરી હાઉસ) તરફથી બધા કલાકારો નું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સ્વપ્ન એન.જી.ઓ.ના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# મેંદરડાના કેનેડીપુર-અંબાળા રોડ પરથી કારમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૯

મેંદરડા પોલીસે કેનેડીપુર અંબાળા રોડ પરથી બાતમીના આધારે કાર રોકાવી તલાસી લેતા કારમાંથી ૪૭૯ બોટલ દારૂ સાથે એક ઝડપાતા પોલીસે કાર ચાલક સહિત દારૂ મંગાવનાર અને મોકલનાર સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી બાતમીવાળી કાર આવતા તેને રોકાવી તલાસી લેતા કારમાંથી ૪૭૯ નંગ ચપટા કિ.રૂા.૪૭,૯૦૦, ૨ મોબાઈલ, કાર સહિત કુલ ૨,૦૭,૯૦૦ના મુદ્દામાલ સાથે કાર ચાલક વિજય અરજણ કરંગીયાને પુછપરછ કરતા દારૂનો જથ્થો દિલીપ વીરા વાળાને દીધેલ હોય જે ધવલ વિક્રમ પીપલોતરને આપવાનો હોવાની કબુલાત કરતા પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તારક મહેતાના ઉલ્ટા ચશ્માના હાસ્ય કલાકાર બકો એટલે કે કનું જોશીએ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૧૯

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે દેશ વિદેશથી શ્રદ્ધાળુઓ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન આવી પહોંચે છે તેમાં પણ ખાસ કરી ને રજાના દિવસો અને સોમવારે તો યાત્રિકોનો ભારે ઘસારો જોવા મળે છે. ત્યારે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલમાં બકા પાર્ટી તરીકેનું પાત્ર ભજવતા કાંતિ જોશીએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.સાથો સાથ તેમણે પૂરી ટીમને યાદ કરી અને મહાદેવને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સાથોસાથ શ્રાવણ માસ દરમ્યાન સોમનાથ ખાતે ભક્તોજનોનો પણ ભારે ઘસારો જોવા મળી રહ્યો હોય ત્યારે કાંતિ જોશી ઉર્ફે બકાની હાજરીથી ઉત્સાહ છવાયો હતો.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

